दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૩૫

## અહો, આત્મઅનુભૂતિ !

સમ્યક્ત્વભાવે પરિણમેલો હું જાણું છું કે મારા સમ્યક્ત્વાદિમાં હું જ છું; મારો આત્મા જ સમ્યક્ત્વરૂપ છે.–

**‘आदा खु मज्झ णाणे आदा मे दसणे चरित्ते य’**

મારા જ્ઞાન–દર્શન–ચારિત્રમાં મારો આત્મા જ છે; બીજું કોઈ નહીં. મારા જ્ઞાન–દર્શન–ચારિત્રમાં જ હું છું, એનાથી બહાર કાંઈ હું નથી.


–આવી જેને આત્મઅનુભૂતિ છે તે જીવ ધર્મી છે. તેના સમ્યક્ત્વાદિ સર્વ ભાવોમાં આત્મા જ ઉપાદેય છે. સમ્યક્ત્વાદિમાં આત્મા જ નજીક છે, ને પરભાવો દૂર છે–બહાર છે.

વિકલ્પો મારા સમ્યક્ત્વ–જ્ઞાનાદિમાં નિકટ નથી પણ દૂર છે. મારો પરમ આત્મા જ મારા સમ્યક્ત્વ–જ્ઞાનાદિમાં નિકટ છે, જરાય દૂર નથી.

આ રીતે સર્વત્ર પોતાનો આત્મા જ ઉપાદેય છે. જ્ઞાની જાણે છે કે સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે હું પરિણમેલો છું ને મારી આ ચેતનામાં હું જ તન્મય છું. **વાહ, આત્મઅનુભૂતિ !**

તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદક : **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૪૯૭ ભાદ્રપદ (લવાજમ : **ચાર રૂપિયા**) વર્ષ **૨૮** : અંક **૧૧**

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)



“चक्षुरुन्मिलीतं येन तस्मै श्रीगुरुवे नमः”

( જયપુર ફોટોઃ જેઠ સુદ પાંચમઃ ૨૪૯૭ )

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૭
ભાદ્રપદ
Sept, 1971

* વર્ષ ૨૮ : અંક ૧૧ *

卐 શ્રાવણ વદ બીજે ગુરુદેવે પીરસેલો બદામપાક 卐

# ધર્માત્માની ગંભીર પરિણતિનું સ્વરૂપ સમજાવતું આત્મ-અનુભૂતિપ્રેરક આનંદમય પ્રવચન

શ્રાવણ વદ બીજનું આ મંગલપ્રવચન છે. ધર્માત્માની ગંભીર ચેતનાપરિણતિ–કે જે રાગાદિ સમસ્ત પરભાવોથી અત્યંત જુદી, ચૈતન્યમાં એકત્વભાવે નિરંતર વર્તે છે–તે પરિણતિને ઓળખતાં ચૈતન્યનું અને રાગનું પોતામાં ભેદજ્ઞાન થઈને આત્મસાક્ષાત્કાર થાય છે,–તે જ ધર્માત્માની પરમાર્થ ભક્તિ છે; આવી ભક્તિવડે અવશ્ય મુક્તિ થાય છે. તે ચેતનાપરિણતિની સાચી ઓળખાણ અને આત્મઅનુભૂતિ કેમ થાય તેનું અદ્‌ભુતવર્ણન ગુરુદેવે આ પ્રવચનમાં કર્યું છે; અને ગુરુદેવ કહે છે કે આ તો મંગલ બીજના નિમિત્તે અધ્યાત્મના બદામપાક પીરસાય છે. આત્મજિજ્ઞાસુ જીવો આ પ્રવચનના ભાવોનું મનન કરીને આત્મલાભ પામો.

(સં.)

૧ આ નિયમસારમાં નિશ્ચયપ્રત્યાખ્યાનની વાત ચાલે છે. પ્રત્યાખ્યાન કરનાર જીવને પ્રથમ તો પરભાવથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્માનો નિર્ણય અને અનુભવ હોય છે.

૨ જે પરભાવને છોડવાના છે તેને પોતાથી ભિન્ન જાણ્યા વગર તે પરભાવને છોડશે કઈ રીતે ?

૩ અંતર્મુખ થઈને પોતાના જ્ઞાનસ્વભાવને અનુભવતાં જ્ઞાનમાંથી પરભાવનો ત્યાગ સહેજે થઈ જાય છે, કેમકે જ્ઞાન પરભાવના ત્યાગસ્વરૂપ જ છે.

૪ પરભાવોથી ભિન્ન, હું પોતે આનંદસ્વરૂપ છું; આવા પોતાના આનંદસ્વરૂપમાં રહું તે જ સુખ છે, ને તે જ પરભાવનો ત્યાગ છે.

૫ પહેલાં આત્માના સ્વભાવમાં ઊતરીને આવી પ્રતીત કરતાં ઈન્દ્રિયાતીત આનંદનો અનુભવ થાય છે, ને સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન થતાં શ્રદ્ધામાં સમસ્ત પરભાવોનું અત્યંત પ્રત્યાખ્યાન થઈ જાય છે.

૬ સમ્યગ્દ્રષ્ટિ પોતાને કેવળજ્ઞાન–દર્શન–આનંદસ્વરૂપ અનુભવે છે. તેમાં પરભાવનો એક અંશ પણ નથી. આવા આત્માના શ્રદ્ધા–જ્ઞાનના જોરે પછી નિજસ્વરૂપમાં એકાગ્ર થતાં પરભાવોનું પ્રત્યાખ્યાન થઈ જાય છે.

૭ સ્વરૂપમાં ઠરેલું જ્ઞાન પોતે પરભાવના ત્યાગસ્વરૂપ હોવાથી પ્રત્યાખ્યાન છે. જ્ઞાનભાવની જે અસ્તિ છે તેમાં રાગાદિ વિરૂદ્ધ ભાવોની નાસ્તિ છે.

૮ પહેલાં જ્ઞાનનું અને રાગાદિનું અત્યંત સ્પષ્ટ ભેદજ્ઞાન કરવું જોઈએ. સાચું ભેદજ્ઞાન કરતાં સમ્યગ્દર્શન થાય છે.

૯ અહો, આત્માનું આવું સ્વરૂપ પોતાના અનુભવમાં આવ્યું ત્યાં બીજાને પૂછવાપણું રહેતું નથી. સમયસાર ૨૦૬ ગાથામાં આચાર્યદેવ કહે છે કે હે જીવ ! બીજાને ન પૂછ...જ્ઞાનસ્વરૂપ આત્મા અનુભવમાં આવતાં તને પોતાને બધા સમાધાન થઈ જશે. સંદેહ નહીં રહે, પૂછવું નહીં પડે.

૧૦ અહા, જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરાવનારું આ સમયસારશાસ્ત્ર જગતનું અદ્વિતીય ચક્ષુ છે; આત્માને પ્રકાશનારૂં અજોડ પરમાગમ છે. કુંદકુંદસ્વામી જેવા મહાન આચાર્યદેવે ભગવાનની વાણી સાંભળીને, પોતાના આત્માના પ્રચૂર સ્વસંવેદનરૂપ આત્મવૈભવ વડે આ પરમાગમની રચના કરીને, જગતના મુમુક્ષુજીવોને આત્માનો અદ્‌ભુત વૈભવ દેખાડયો છે.

૧૧ આત્મા તો સ્વયં જ્ઞાનસ્વરૂપ છે; જ્ઞાનસ્વરૂપ જ સત્ય છે, તે જ અનુભવવા જેવું છે, તે જ કલ્યાણરૂપ છે.–આમ પોતાના સત્ય જ્ઞાનસ્વરૂપનો નિર્ણય કરીને હે જીવ! તું તારા જ્ઞાનના જ અનુભવથી સંતુષ્ટ થા...તૃપ્ત થા...તેમાં તને પોતાને પરમ સુખનો અનુભવ થશે; પછી તારે બીજાને પૂછવું નહીં પડે. વચનઅગોચર એવા અપૂર્વ આત્મિક સુખનો તને અનુભવ થશે; તે સુખ તને સ્વયમેવ પોતાના સ્વાદમાં આવશે. તું પોતે જ તે સુખ છો,–પછી બીજાને શું પૂછવું પડે?

૧૨ મારી ચીજ મારામાં મેં દેખી, સાક્ષાત્ અનુભવી, ત્યાં સંદેહ શો? જ્ઞાન–સ્વરૂપ હું પોતે સત્ય છું, હું જ સ્વયં કલ્યાણ છું, હું જ અનુભવનીય છું ને હું જ સુખસ્વરૂપ–છું આવો પહેલાં દ્રઢ નિર્ણય કરીને સ્વ–સંવેદન–પ્રત્યક્ષથી સ્વાનુભવ કર્યો, ત્યાં હવે પૂછવાપણું કોને રહ્યું?

૧૩ મારી પાસે જ મારું તત્ત્વ મેં દેખ્યું, ને મારો મોહ નષ્ટ થઈ ગયો; હું હવે સર્વે કર્મોથી અત્યંત રહિત, ચૈતન્યસ્વરૂપ મારા આત્મામાં જ આત્માપણે વર્તું છું. મારી નિર્વિકલ્પ–વીતરાગી પરિણતિ વડે હું મારામાં વર્તું છું–આમ ધર્મી પોતાને અનુભવે છે; તેને સંવર–નિર્જરા છે, તેને પ્રતિક્રમણ–પ્રત્યાખ્યાન છે. તેને સુખ અને ધર્મ છે.

૧૪ ધર્મીને નિઃશંક ભાન છે કે હું રાગમાં નથી વર્તતો, નિર્વિકલ્પ ભાવવડે હું મારા ચૈતનસ્વરૂપમાં જ વર્તું છું.

૧૫ પહેલાં રાગમાં–વિકલ્પમાં એકત્વબુદ્ધિને લીધે ચૈતન્યના નિધાનને તાળાં દીધા હતા. હવે ભાન થયું કે રાગથી મારું ચૈતન્યતત્ત્વ અત્યંત જુદું છે, ત્યાં અપૂર્વ આનંદના અનુભવ વડે ચૈતન્યના નિધાન ખુલ્યા, આત્મામાં આનંદનો અવતાર થયો.

૧૬ આવા સમ્યગ્દ્રષ્ટિ–સમ્યગ્જ્ઞાની–સત્ ચારિત્રવંત ધર્માત્માને હું નમસ્કાર કરું છું. આહા! એ તો જગતનાં ધર્મરત્ન છે. સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગનું રત્ન છે, તેને ધારણ કરનારા ધર્માત્મા તે ધર્મરત્ન છે. ભવભવના કલેશનો નાશ કરવા માટે હું તેને નિત્ય વંદું છું.

૧૭ કઈ રીતે વંદું છું?–કે નિર્વિકલ્પ ભાવવડે તેમના જેવા જ્ઞાનાનંદસ્વરૂપ

આત્મામાં વર્તતો થકો હું તેમને નમસ્કાર કરું છું. એકલા રાગમાં વર્તીને સાચા નમસ્કાર કે સાચી ભક્તિ થતી નથી. પંચપરમેષ્ઠી–જ્ઞાની–ધર્માત્માને સાચા નમસ્કાર કરનારને પોતામાં જ્ઞાન અને રાગની ભિન્નતા થઈ ગઈ છે. ‘આવા ભાવવડે હું જ્ઞાનીને નમસ્કાર કરું છું.’

૧૮ સિદ્ધભગવાન વગેરે પંચપરમેષ્ઠી ભગવંતો પોતાના શુદ્ધઆત્મામાં જ સ્થિર છે, તેથી તેમને નમસ્કાર કરનાર જીવ શુદ્ધઆત્મા તરફ નમે છે–તેમાં વળે છે–તેમાં તન્મય થાય છે, ને રાગથી જુદો પડે છે. આ રીતે પોતાનો શુદ્ધ આત્મા જ સાચું શરણ છે; બહારમાં પંચપરમેષ્ઠીનું શરણ વ્યવહારથી છે.

૧૯ કેવળજ્ઞાન–કેવળદર્શન–કેવળસુખ સ્વભાવી પરમ ચૈતન્યતેજ હું છું–એમ જેણે અંતર્મુખ થઈને પોતે પોતાને જાણ્યો તેણે શું ન જાણ્યું? પોતે પોતાને દેખ્યો તેણે શું ન દેખ્યું? અને તેનું શ્રવણ કરતાં શું શ્રવણ ન કર્યું?–એટલે કે પોતાનો આવો શુદ્ધઆત્મા જ શ્રવણ કરવા યોગ્ય તથા શ્રદ્ધા–જ્ઞાનમાં લેવાયોગ્ય સૌથી શ્રેષ્ઠ છે; તેનાથી ઊંચું બીજું કાંઈ નથી.

૨૦ અરે, જીવોએ વ્યવહારની–રાગની વાત તો અનંતવાર સાંભળી છે ને આચરી પણ છે, પણ પોતાનું પરમતત્ત્વ અંતરમાં કેવું છે તે પરમાર્થસ્વરૂપને પ્રેમથી કદી સાંભળ્યું નથી.

૨૧ ‘પ્રેમથી સાંભળ્યું નથી’ એમ કહ્યું;–‘પ્રેમથી સાંભળ્યું’ ત્યારે કહેવાય કે અંતરમાં ઊંડો ઊતરીને પોતે તેનો સાક્ષાત્ અનુભવ કરે. વક્તાએ જેવો સ્વભાવ કહ્યો તેવો પોતે લક્ષમાં લઈને અનુભવ કરે તો જ સાચું શ્રવણ કર્યું કહેવાય.

૨૨ હે જીવ! તારા આવા સ્વરૂપને તું અનુભવમાં લે. અંતરમાં અમૃતનો સાગર ભગવાન આત્મા છે તેમાં ડુબકી માર...તે જ આનંદ છે. તેનાથી બહાર જવું તે તો આકુળતા છે, પાપ છે, કેમકે પવિત્રતાથી વિરૂદ્ધ હોવાથી અધ્યાત્મમાં તેને પાપ કહે છે. રાગ વગરનો ચૈતન્યનો અનુભવ તે જ પવિત્ર સુખરૂપ છે.

૨૩ આવો અનુભવ કરનાર ધર્માત્માના હૃદયમાં ચૈતન્યહંસ બિરાજે છે; સહજ ચૈતન્યશક્તિસંપન્ન આનંદમય પરમાત્મા તેના અંતરમાં જયવંત વર્તે છે.

૨૪ અહો, આવો અનુભવ કરવો તેમાં અતીન્દ્રિય આનંદનો પરમ સ્વાદ છે.

૨૫ લોકોમાં બદામની પૂરી ઊંચી સ્વાદિષ્ટ કહેવાય છે, પણ તે સ્વાદ તો જડ છે; અહીં સંતો આનંદના સ્વાદથી ભરેલો વીતરાગી બદામપાક વીરસે છે.

૨૬ આજે બીજના મંગલ દિવસે આ બદામની પૂરી પીરસાય છે. અંતરમાં પરમાત્માના અનુભવરૂપ આવા બદામપાકને સમ્યગ્દ્રષ્ટિ જ પચાવે છે.

૨૭ જ્ઞાની પોતાને આવો અનુભવે છે કે–

કેવલદરશ–કેવલવીરજ–કૈવલ્યજ્ઞાન સ્વભાવી છે,
વળી સૌખ્યમય છે જેહ તે હું એમ જ્ઞાની ચિંતવે.

(નિયમસાર : ૯૬)

૨૮ આત્મા કેવળજ્ઞાનાદિ સહજ ચતુષ્ટયસ્વરૂપ છે. કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય છે તે પ્રગટ કાર્ય છે; અને તેના આધારરૂપ સહજ જ્ઞાન–દર્શનાદિ ચતુષ્ટય ત્રિકાળ છે.– આવા ચતુષ્ટય સ્વરૂપે આત્માને જાણીને ધર્મી તેને જ ભાવે છે.

૨૯ –કઈ રીતે ભાવે છે?

સમસ્ત બાહ્યપ્રપંચની વાસનાથી વિમુક્ત થઈને, અને પોતાના સ્વરૂપમાં અત્યંતપણે અંતર્મુખ થઈને, પોતાના આવા આત્માને તે ધ્યાવે છે. મુમુક્ષુ જીવે એની જ ભાવના કરવી–એમ ઉપદેશ છે.

૩૦ ‘સમસ્ત બાહ્યપ્રપંચની વાસનાથી રહિત, કહ્યું–તેમાં અશુભ કે શુભ કોઈ પણ રાગની રચના તે બધોય બાહ્યપ્રપંચ છે; બાહ્યવલણથી જ રાગની ઉત્પતિ થાય છે, તેથી તે સમસ્ત બાહ્યભાવોથી અત્યંત ભિન્ન થઈને, નિર્વિકલ્પ ચૈતન્યપરિણતિ દ્વારા ધર્મી અંતરમાં પોતાના પરમાત્મતત્ત્વને ભાવે છે.

૩૧ અહો, આત્મતત્ત્વની આ કોઈ અલૌકિક વાત છે, તેને જાણીને અંતર્મુખપણે તેની જ ભાવના કરવા જેવી છે.

૩૨ રાગ છે ને?–તો ધર્મી કહે છે કે ભલે હો; પણ તે રાગ કાંઈ હું નથી, રાગપણે હું મારા સ્વભાવને નથી અનુભવતો, પણ પરિણતિને રાગથી ભિન્ન કરીને, તે પરિણતિ વડે કેવળજ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવું છું,–તે જ હું છું.

૩૩ રાગ હોવા છતાં તેને હું ભાવતો નથી, તેને મારાપણે દેખતો નથી, તે તરફ મારો ઝુકાવ નથી મારો ઝુકાવ મારા ચૈતન્ય પરમાત્મતત્ત્વમાં છે, તેમાં ઝુકેલી પરિણતિમાં રાગાદિ નથી; એટલે તે પરિણતિ સ્વયં પ્રત્યાખ્યાનસ્વરૂપ છે.

૩૪ આવા આત્માને જાણીને તેની નિરંતર ભાવના કરવી–એમ વીતરાગી સંતોની શિખામણ છે.

૩૫ અહા, ચૈતન્યતત્ત્વ તો કોઈ પરમ ગંભીર છે તેમાં પરિણતિ અંતર્મુખ થાય ત્યારે જ તેનું ખરું ચિંતન અને ભાવના થાય છે.

૩૬ જીવ દ્રવ્યસ્વભાવે ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ તો છે જ,–પણ હું ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છું– એમ જાણે છે તો તે તરફ એકાગ્ર થયેલી પર્યાય; ત્રિકાળ સન્મુખ એકાગ્ર થયેલી પર્યાય જ જાણે છે કે ‘હું આવો છું. ’

૩૭ આવી સ્વસન્મુખ પરિણતિરૂપે પરિણમે ત્યારે આત્માએ પોતાના સહજ સ્વભાવનો સ્વીકાર અને અનુભવ કર્યો કહેવાય. પોતે તે ભાવરૂપ પરિણમ્યા વગર તેનો સાચો સ્વીકાર કે અનુભવ ન થાય.

૩૮ આમ સ્વમાં અંતર્મુખ થઈને મેં મારા પરમ આત્માને દેખ્યો–જાણ્યો–અનુભવ્યો. પોતામાં જાતે જ અનુભવેલી પોતાની વસ્તુમાં સંદેહ શો ? સ્વ વસ્તુની અનુભૂતિ થતાં સંદેહ ટળ્યો, ભય ટળ્યો; પોતે પોતાથી જ તૃપ્ત થયો, નિઃસંદેહ થયો.

૩૯ સબ વિકલ્પ–જંજાલકો છોડકર ચૈતન્યકા નિર્વિકલ્પ અમૃતરસ પીઓ.

૪૦ જ્ઞાની સદા એમ ભાવના કરે છે કે હું કારણ–પરમાત્મા છું. જ્ઞાનીઓના હૃદયસરોવરનો હંસલો તો આનંદરૂપ સહજ ચૈતન્ય પરમાત્મા છે.

૪૧ પરભાવોને પોતાથી સદા જુદા રાખનાર, એટલે પરભાવોથી સદાય રહિત એવો ચૈતન્ય–હંસ, તેને જ્ઞાની પોતાના હૃદયમાં ધ્યાવે છે.

૪૨ આ ચૈતન્ય–હંસ કારણપરમાત્મા, સહજ ચતુષ્ટય–સ્વરૂપ ત્રિકાળ છે, તે પોતે કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયનો આધાર છે; પણ તેને આધાર–આધેયના ભેદ નથી. આધાર–આધેય સંબંધી વિકલ્પો રહિત અનુભૂતિ વડે જે પરમસુખ ઉત્પન્ન થાય છે તેનું સ્થાન આ સહજ પરમાત્મતત્ત્વ છે.

૪૩ કેવળજ્ઞાન વગેરેના આધારરૂપ આવા પોતાના તત્ત્વનું અવલોકન કરીને (શ્રદ્ધા–જ્ઞાન કરીને) જ્ઞાની તેની જ ભાવના કરે છે. આવા તત્ત્વની દ્રષ્ટિ કરીને ધર્મી કહે છે કે આવા સહજ સ્વરૂપે હું સદાય જયવંત છું.

૪૪ આ જયવંત તત્ત્વની સન્મુખતાથી જે સમ્યક્–શ્રદ્ધા–જ્ઞાન–સુખની અનુભૂતિ પ્રગટી તે પણ જયવંત છે.

૪૫ પરિણતિ પરભાવથી છૂટીને અંતર્મુખ થઈ ત્યારે ભાન થયું કે અહો, આવા સ્વભાવે મારો આત્મા જયવંત છે.

૪૬ આ કોઈ વિકલ્પની વાત નથી પણ ધર્મીને પોતાને અંદર તેવા વેદનરૂપ પરિણતિ થઈ ગઈ છે.

૪૭ ધર્મીને રાગથી નિરપેક્ષ, ઇંદ્રિયોથી નિરપેક્ષ એવા સમ્યક્ મતિશ્રુતજ્ઞાન સ્વસંવેદન–પ્રત્યક્ષરૂપ છે, અંતર્મુખ થઈને પોતાના સહજ જ્ઞાનાદિ સ્વરૂપ આત્માને પોતે જાણે છે.

૪૮ આત્માના સહજ સ્વભાવરૂપ નિજભાવને જ્ઞાની કદી છોડતો નથી; ને રાગાદિ પરભાવને કદી પોતાના કરતો નથી; સહજ જ્ઞાન–દર્શન–આનંદસ્વરૂપે જ તે પોતાને ચિંતવે છે.–

**નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે;**
**જાણે-જુએ જે સર્વ તે હું, - એમ જ્ઞાની ચિંતવે. (૯૭)**

૪૯ આત્માનો સહજ સ્વભાવ તે પરમ ભાવ છે; તે પરમ ભાવની સન્મુખ થઈને જ્ઞાની પોતાના આત્માને કેવો ભાવે છે તેનું આ વર્ણન છે. આવા સ્વભાવની ભાવના, એટલે કે તેમાં તન્મયભાવરૂપ પરિણતિ, તે પરમ આનંદરૂપ છે, તે મોક્ષનું કારણ છે.

૫૦ નિજભાવ એટલે આત્માનો પરમ ભાવ; આત્માના સહજ જ્ઞાન–દર્શન–સુખ–વીર્યસ્વભાવરૂપ નિજભાવ, તેને આત્મા કદી છોડતો નથી. સ્વભાવ અને સ્વભાવવાન જુદા નથી કે તેને આત્મા છોડે! ચૈતન્યના આવા એકત્વ–સ્વભાવમાં સંસાર–પરભાવનો પ્રવેશ કદી નથી.

૫૧ ત્રણેકાળે હું મારા આવા પરમ ભાવરૂપ જ છું–આમ જે પર્યાયે અંતર્મુખ થઈને સ્વીકાર્યું તે પર્યાય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–સુખરૂપ થયેલી છે. પર્યાય અંતર્મુખ થઈને, અને રાગાદિથી જુદી પડીને, 'પરમ ભાવસ્વરૂપ કારણ–પરમાત્મા હું છું' એમ પોતાને અનુભવે છે–જાણે છે–દેખે છે–ભાવે છે. આવા કારણપરમાત્મામાં ઉદયાદિ પરભાવોનું કદી ગ્રહણ નથી.

૫૨ અહો જીવો! આવો પરમસ્વભાવ લક્ષમાં લઈને તેની જ ભાવના કરવા જેવું છે. આવા સ્વભાવની વાત સાંભળવાનું પણ મહા ભાગ્યે મળે છે. જેની પર્યાય અંતર્મુખ પરિણમી છે તે ધર્માત્મા એમ જાણે છે કે હું ત્રિકાળ સહજ સ્વભાવથી પરિપૂર્ણ પરમ આત્મા છું. મારા સ્વભાવનો કદી નાશ નથી. અરે, આવો હું ત્રિકાળ છું–ત્યાં કોણ મને મારે? ને કોણ મારી રક્ષા કરે?

૫૩ મારો સ્વભાવ જ કેવળજ્ઞાનાદિ સ્વભાવથી સદા ભરપૂર છે, તેનો સ્વીકાર કરતાં હવે પર્યાયમાં અભૂતપૂર્વ કેવળજ્ઞાનાદિ પ્રગટયે જ છૂટકો. પર્યાયમાં કેવળજ્ઞાનાદિ ભાવો નવા પ્રગટયા, તેથી તે અભૂતપૂર્વ છે, પણ સહજ સ્વભાવથી તો હું સદાય કેવળજ્ઞાનાદિસ્વરૂપ જ છું, એનાથી કદી જાુદો પડયો જ નથી. –આમ ધર્મી પોતાને ચિંતવે છે, જાણે છે, શ્રદ્ધે છે, અનુભવે છે. આનું નામ ભાવના છે. ને આ ભાવના મોક્ષનો ઉપાય છે. માટે આવી પરમતત્ત્વની ભાવના નિરંતર કરો. રાગ વડે એવી ભાવના નથી ભવાતિ, રાગાદિ પરભાવોને પરિહરીને ચૈતન્યની સન્મુખતાથી એવી ભાવના ભવાય છે.

૫૪ અરે જીવ! અંદરના સ્વરૂપમાં ઊંડે જા... ઊંડે જા... ઊંડે ઊંડે તેરા આત્મા રહા છે. રત્ન માટે દરિયામાં ઊંડે ડૂબકી મારવી પડે છે તેમ ચૈતન્યરસના સમુદ્રમાંથી સમ્યગ્દર્શનાદિ પરમ રત્નોની પ્રાપ્તિ કરવા તું અંદર ઊંડે ઊતર; સમસ્ત પરભાવોને અત્યંત પરિહરીને ચૈતન્યચમત્કારથી ભરેલા ચૈતન્યસમુદ્રમાં ઊંડો ઊતરી જા.

૫૫ ચૈતન્યતત્ત્વમાં ઊંડી ઊતરેલી એટલે કે તેમાં સન્મુખ થઈને પરિણમેલી પરિણતિ વાળો જીવ–'આ હું' એમ પોતાને પરમાત્મસ્વરૂપે દેખે છે–અનુભવે છે. અહો, અંતરમાં ઊંડે ઊતરીને આવા સ્વતત્ત્વરૂપે પોતાનો અનુભવો. એકાવતારી ઇન્દ્રો પણ જેની વાત પરમ આદરથી સાંભળે છે એવા આ પરમતત્ત્વને લક્ષમાં લઈને તેની ભાવના કરો...તેની સન્મુખ પરિણતિ કરો.

૫૬ એક ઇન્દ્ર પોતાના બે સાગરોપમના આયુકાળમાં અસંખ્યાતા તીર્થંકર ભગવંતોના પંચકલ્યાણક ઊજવે છે; અસંખ્યાત તીર્થંકરોના શ્રીમુખેથી આવા પરમતત્ત્વની વાત બહુમાનપૂર્વક સાંભળે છે. –એવું આ પરમાત્મતત્ત્વ મહાન ભાગ્યે જીવોને સાંભળવા મળે છે.

૫૭ –અને આવા તત્ત્વનું સમ્યક્ભાન તથા અનુભવ કરે તે તો કૃતકૃત્ય થઈ જાય છે. માટે હે જીવો! અંતર્મુખ થઈને તમે તમારા આવા તત્ત્વને અનુભવમાં લ્યો–એવો ઉપદેશ છે.

૫૮ અંતરમાં ચૈતન્યરસને ચાખ્યા પછી હવે અમારું ચિત્ત બીજે ક્યાંય લાગતું નથી... ચિત્ત ચૈતન્યમાં જ સંલગ્ન છે. નિજસ્વરૂપમાં લાગેલા ચિત્તને પરની ચિંતા કરવાની નવરાશ જ ક્યાં છે!

卐 આ ૫૮ મંગલરત્નોના મનનવડે મુમુક્ષુઓ ભગવતી ચેતનાને પ્રાપ્ત કરો. 卐

[ ચૈતન્યઅનુભૂતિવંત...જ્ઞાનચેતનાપરિણત...ધર્માત્માઓને તદાકાર નમસ્કાર. ]

( બ્ર. હ. જૈન )

* * * * *

## * 'મને સમતા છે' *

સૌ જીવમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;
આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની.

* જેણે સમસ્ત ઇંદ્રિયોના વ્યાપારને છોડયો છે એવા મને ભેદ–વિજ્ઞાનીઓ તેમજ અજ્ઞાનીઓ પ્રત્યે સમતા છે.

* મિત્ર કે શત્રુરૂપ પરિણતિના અભાવને લીધે મને કોઈ પ્રાણી સાથે વેર નથી.

* સહજ વૈરાગ્ય પરિણતિને લીધે મને કોઈ પણ આશા વર્તતી નથી.

* પરમ સમરસી ભાવસંયુક્ત પરમ સમાધિનો હું આશ્રય કરું છું.

## 卐 પર્યુષણના પ્રવચનોમાંથી 卐

દશલક્ષણી પર્યુષણ પર્વના પ્રવચનમાંથી સ્વાનુભૂતિસૂચક દોહન અહીં આપવામાં આવ્યું છે; જિજ્ઞાસુઓને તે અત્યંત મનનીય છે.

[ ભાદ્ર. સુદ ૭: વીર સં. ૨૪૯૭ : સમયસાર નાટક : સર્વવિશુદ્ધજ્ઞાન દ્વારા ૧૨૪–૧૨૫–૧૨૬ ]

### આત્માની અનુભૂતિ વચનાતીત છે; તેમાં મોક્ષમાર્ગ સમાય છે

જ્ઞાની તથા અજ્ઞાનીને બહારમાં મુનિવેશ એક સરખો દેખાય છતાં બંનેની અંતરંગ પરિણતિમાં ઘણો ફેર છે. જ્ઞાનીને તો સ્વ–પરની ભિન્નતાના ભાનવડે અંદર સમ્યગ્જ્ઞાન–કિરણનો પ્રકાશ પ્રગટયો છે; તે પોતાના જ્ઞાનકિરણથી દેહાદિની ક્રિયાને અત્યંત જુદી જાણે છે. દેહની દશાને આત્માની માનતા નથી. છતાં મુનિદશા હોય ત્યાં દેહની દિગમ્બર–દશા જ હોય છે, તે જ પ્રમાણ છે. જ્ઞાનીના અંતરમાં મોક્ષની કણિકા જાગી છે, શાંતભાવ જાગ્યો છે, તેના વડે તે મોક્ષમાર્ગસન્મુખ વર્તી રહ્યા છે. સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થ હોય ને બાહ્યમાં ત્યાગી ન હોય, મુનિદશા ન હોય તોપણ તે પોતાને જ્ઞાનમય અનુભવતો થકો મોક્ષમાર્ગની સન્મુખ જ છે.

અને અજ્ઞાનીને અંતરમાં જ્ઞાનકિરણ તો જાગ્યું નથી, અજ્ઞાનથી તેનું હૃદય અંધ છે તેથી તે બંધ ભાવને જ કરે છે, તથા દેહની દશારૂપે પોતાને અનુભવે છે. દેહથી ને બંધભાવથી ભિન્ન એવા પોતાના ચિદાનન્દ–તત્ત્વને તે ઓળખતો નથી. બાહ્યચારિત્ર તથા શુભરાગ હોય તેને જ તે પોતાનું સ્વરૂપ માને છે, તેને જ મોક્ષનું સાધન માને છે, પણ પોતાના સાચા સ્વરૂપને અને મોક્ષના સાચા કારણને તે જાણતો નથી. અહા, મોક્ષનો માર્ગ તો અંતરમાં આત્માની અનુભૂતિરૂપ છે. આવી આત્મઅનુભૂતિ થઈ તે વચનાતીત છે, તે સમયસાર છે, તેનાથી બીજું ઊંચું કાંઈ નથી. અહા, અધિક શું કહેવું? અનુભૂતિ તે વચનમાં આવતી નથી, માટે વચનવિકલ્પોથી બસ થાઓ! એ તો બધા દુર્વિકલ્પ છે. આત્માનો

પરમાર્થ તો સ્વાનુભવમાં જ સમાય છે. તેથી આચાર્યદેવ કહે છે કે–

અરે, જિનવચનનો વિસ્તાર તો અગાધ અપાર છે, તે વાણીથી તો કેટલું કહેવાય? અનુભવમાં આવે તેટલું વચનમાં આવે પણ નહીં. સ્વાનુભવગમ્ય વસ્તુનો પાર વચનના વિકલ્પથી કેમ આવે? માટે વચનવિકલ્પ છોડીને અમે તો સ્વાનુભવમાં જ રહેવા ઇચ્છીએ છીએ. આત્માનું શુદ્ધ–બુદ્ધ–ચૈતન્યઘન સ્વરૂપ વર્ણવીને છેવટે શ્રીમદ્ રાજચન્દ્ર કહે છે કે–

નિશ્ચય સર્વે જ્ઞાનીનો આવી અત્ર સમાય,
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય.

બહુ બોલવાથી, બહુ વિકલ્પોથી કાંઈ ઇષ્ટસિદ્ધિ નથી, માટે ચૂપ રહેવું જ ભલું છે, એટલે અંદર પણ વિકલ્પથી પાર થવાનો અભ્યાસ કરીને સ્વાનુભવ કરવો તે જ તાત્પર્ય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવામાં પણ પ્રથમ આત્માનો અનુભવ છે; તે અનુભવ કરે ત્યારે જ સમ્યગ્દર્શન થાય છે. બાકી વચન વડે કે વિકલ્પો વડે આત્માનો પાર પમાય તેવું નથી.

બહુ બોલવાથી શું ઇષ્ટ છે? માટે ચૂપ રહેવું જ ભલું છે. જેટલું પ્રયોજન હોય એટલા જ ઉત્તમવચન બોલવા; શાસ્ત્ર તરફના અનેક અભ્યાસમાં પણ જે વિકલ્પ છે તેનાથી કાર્યસિદ્ધિ થતી નથી. માટે વચનનો બકવાદ ને વિકલ્પોની જાળ છોડીને, વિકલ્પથી જુદી એવી જ્ઞાચેતનાવડે શુદ્ધ પરમાત્માના અનુભવનો અભ્યાસ કરવો તે જ ઇષ્ટ છે, તે જ મોક્ષનો પંથ છે, તે જ પરમાર્થ છે. આત્માનો જેટલો અનુભવ છે તેટલો જ પરમાર્થ છે, બીજું કાંઈ પરમાર્થ નથી એટલે કે મોક્ષનું કારણ નથી.

શુદ્ધાતમ–અનુભવ ક્રિયા, શુદ્ધ જ્ઞાન–દ્રગ દૌર;
મુક્તિપંથ સાધન યહૈ વાગજાલ સબ ઔર.

શુદ્ધાત્માના અનુભવરૂપ જે ક્રિયા છે તે જ શુદ્ધ જ્ઞાન–દર્શન અને ચારિત્ર છે, તે જ મોક્ષપંથ છે, તે જ મોક્ષનું સાધન છે. એ સિવાય બધી વિકલ્પજાળ છે. જેણે આવા આત્માનો અનુભવ કરતાં આવડયું તેને બધું આવડી ગયું.

અરે, તિર્યંચાદિક જીવોને શાસ્ત્રનું જાણપણું ન હોય છતાં અંતરના વેદનમાં રાગ અને આત્માના ચૈતન્યસ્વાદની ભિન્નતા ઓળખીને, 'આ મારો આત્મા જ આનંદસ્વરૂપ છે' એવું અંતરમાં વેદન કર્યું તેમાં બધાય શાસ્ત્રોનો સાર આવી ગયો, તેમાં મોક્ષમાર્ગ આવી ગયો. આવો આત્મા અનુભવમાં આવ્યો તે પોતે આનંદમય જગતચક્ષુ છે.–આવા આત્માના અનુભવમાં જ મોક્ષમાર્ગ સમાય છે. આવા આત્માનો અનુભવ અમે કરીએ છીએ, તમે પણ કરો.

# કોલાહલથી દૂર અને યોગીઓને ગોચર એવું સહજ ચૈતન્યતત્ત્વ

[ મારા આ અદ્‌ભુત તત્ત્વને અતિ અપૂર્વ રીતે હું ભાવું છું ]

[ ભાદ્ર. સુદ. ૮ નિયમસાર શ્લોક ૧૫૫–૧૫૬–૧૫૭ ]

પરમ પુરુષ એવો ચૈતન્યમૂર્તિ આત્મા કેવો છે? મન અને વચનના માર્ગથી તે દૂર છે, મન–વચનથી અગોચર છે, પણ જ્ઞાનજ્યોતિ વડે ધર્માત્માઓના ચિત્તમાં તે સ્પષ્ટ છે, ધર્માત્માઓ મન–વચનથી પર થઈને સ્પષ્ટ સ્વસંવેદનથી તેને અનુભવે છે. આવી અનુભૂતિમાં વિધિ–નિષેધના કોઈ વિકલ્પો નથી; કેમકે ત્યાં ગ્રહવાયોગ્ય એવા શુદ્ધતત્ત્વનું સાક્ષાત્ ગ્રહણ છે, ને નિષેધરૂપ સમસ્ત પર ભાવોનો અભાવ જ છે.

ધર્માત્મા પોતાની અનુભૂતિવડે આવા સહજ ચૈતન્યતત્ત્વને પોતામાં અનુભવે છે; તેમાં ઇન્દ્રિયજનિત કોઈ કોલાહલ નથી, તે પરમ શાંત છે. ઇન્દ્રિયજ્ઞાન તો પરવલણવાળું હોવાથી કોલાહલવાળું છે. મારું સહજ તત્ત્વ કોલાહલ વગરનું છે કેમકે ઇન્દ્રિયોથી તો પાર છે. નયના વિકલ્પોથી દૂર હોવા છતાં કાંઈ તે અગોચર નથી, ઉપયોગને અંતરમાં જોડનારા યોગીઓને તે પ્રત્યક્ષગોચર છે. અન્તર્મુખ ઉપયોગસ્વરૂપ સ્વસંવેદન જ્ઞાનમાં સહજ તત્ત્વ સાક્ષાત્ જણાય છે, અનુભવાય છે. મનથી ને કોલાહલથી દૂર હોવા છતાં ધર્મીની સ્વસન્મુખ પર્યાયમાં તે સમીપ છે, દૂર નથી. આવું તત્ત્વ જ જગતમાં ઉત્કૃષ્ટ છે, તે નિજઅનુભૂતિની સમૃદ્ધિથી શોભિત છે. મારા સમ્યગ્દર્શનાદિ ભાવોમાં મારો આત્મા અભેદ છે તેથી તે જ સમીપ છે, ને પરભાવોનો કોલાહલ તેમાં નથી, તેનાથી તે દૂર છે, જુદો છે.

અજ્ઞાની જીવોની અનુભૂતિમાં રાગાદિ પરભાવો જ દેખાય છે, તેથી તેને પરભાવો નજીક લાગે છે ને સહજ ચૈતન્યતત્ત્વ દૂર છે. જ્ઞાનીઓને સ્વાનુભૂતિમાં પોતાનું પરમ તત્ત્વ નજીક છે, ને પરભાવો દૂર છે. અહો! સમ્યગ્દ્રષ્ટિને પોતાનો આત્મા ગમ્ય છે, પોતામાં જ અનુભવગોચર છે, નજીક છે. અજ્ઞાની ઇન્દ્રિય–મનથી ને સંકલ્પ–વિકલ્પના કોલાહલથી જુદો પડતો નથી તેથી તેને પરમતત્ત્વ દૂર છે. શુભના વિકલ્પથી દૂર ચૈતન્યતત્ત્વ છે, ચૈતન્યની જ્યોતિ રાગથી જુદી પ્રકાશે છે તેમાં જ આત્મા છે. ચૈતન્યના દીવડાની નજીક જ આત્માનું ઘર છે, અર્થાત્ તે જ આત્મા છે.

લોકોમાં કહેવાય છે કે 'મામાનું ઘર કેટલે?.....દીવો બળે એટલે'. તેમ આત્માનું

ઘર કેટલે? તો કહે છે કે 'દીવો બળે એટલે' અર્થાત્ ચૈતન્યની જ્યોતિ જ્યાં ઝળહળ ઝળકે છે તે આત્માનું ઘર છે. સ્વાનુભવરૂપી ચૈતન્યદીવા વડે આત્મા પ્રત્યક્ષગોચર થાય છે. આવું નિર્દોષ સહજ ચૈતન્યતત્ત્વ અત્યંત જયવંત છે.

આ ચૈતન્યતત્ત્વ પોતાના સુખરૂપી સુધાસાગરમાં સદા લીન છે. અહો, આત્મામાં સુખનો સમુદ્ર સદાય ભરપૂર છે, જેની સામે નજર કરતાં જ પોતામાં અપૂર્વ સમ્યક્ત્વનો અમૃતસાગર પ્રગટે છે ને મિથ્યાત્વનું ઝેર ઊતરી જાય છે. પરમ ગુરુ દ્વારા ભવ્યજીવોએ આવા શુદ્ધઆત્માને જાણ્યો છે, ને શાશ્વત સુખને અનુભવ્યું છે. અહો! એકલા સુખથી જ ભરેલા કોઈ અદ્ભુત સહજ તત્ત્વને હું પણ અતિ અપૂર્વ રીતે સદાય ભાવું છું. મારા તત્ત્વને અનુભવીને તેને જ હું ભાવું છું.

અહા, જગતમાં આવા સહજ ચૈતન્યતત્ત્વને ભાવનારા–અનુભવનારા સંત–ધર્માત્માઓ તો શ્રેષ્ઠ છે, જગતની સ્પૃહા તેમને નથી, ઇન્દ્ર અને ચક્રવર્તીની વિભૂતિની પણ જેની પાસે કાંઈ જ ગણતરી નથી, એવી સાચી ચૈતન્યવિભૂતિ તેમણે પ્રાપ્ત કરી છે. પૈસા વગેરે પરિગ્રહ ન હોવા છતાં એ વીતરાગી સંતો ગરીબ નથી, એ તો પરમેષ્ઠી પરમેશ્વર ભગવાન છે. સહજ ચૈતન્યતત્ત્વથી ઊંચો વૈભવ જગતમાં બીજો કોઈ નથી. એવા તત્ત્વની ભાવનાવાળા સંતોને અમે પ્રણમીએ છીએ, અને અમે પણ એવા જ સહજ તત્ત્વને ભાવીએ છીએ, અનુભવીએ છીએ. આવી અનુભૂતિ તે માર્ગ છે. ઉત્તમ ક્ષમાદિ બધા વીતરાગી ધર્મો આવા અનુભવમાં જ સમાય છે. એમાં કોઈ કોલાહલ નથી, કોઈ કલેશ નથી, એ જ અભેદ મુક્તિમાર્ગ છે. તેથી–'નિજભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને એક નિર્મલ ચૈતન્યમાત્ર તત્ત્વને હું ભાવું છું,–તેના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં એકાગ્ર થાઉં છું. સંસારસાગરને તરી જવા માટે આવા અભેદ મુક્તિમાર્ગને હું નિત્ય નમું છું...એટલે કે ચૈતન્યભાવના વડે હું પણ એ જ માર્ગે જાઉં છું.

## * ગુણમાં દોષ નથી *

રાગ તે દોષ છે, જ્ઞાન લક્ષણથી લક્ષિત આત્મામાં તેનો સમાવેશ થતો નથી; રાગ ભલે શુભ હો–પણ તેનો સમાવેશ જ્ઞાનમાં થતો નથી, જ્ઞાનની પર્યાયમાં પણ રાગ નથી. જ્ઞાનના પરિણમનમાં અનંત ગુણની નિર્મળપર્યાયો સમાય, પણ જ્ઞાનના પરિણમનમાં રાગ ન સમાય. આવા જ્ઞાન પરિણમનને આત્મા કહીએ છીએ, રાગને આત્મા કહેતા નથી. આવા આત્માને જાણે–માને–અનુભવે તે મોક્ષનો માર્ગ છે. *

# આત્માના નવ રસ

**આત્મા અરસી હોવા છતાં તેનામાં અચિંત્ય વીતરાગી નવરસ છે, તેનું આ વર્ણન છે. ચૈતન્યનો આ અનુભવરસ ચાખ્યા પછી આખું જગત નીરસ લાગે છે. આત્માના અનુભવનો રસ એ જ એક સાચો રસ છે. અનંતગુણનો રસ તેમાં સમાઈ જાય છે.**

******

લૌકિક નવરસનો અનુભવ તો જીવોને સંસારમાં અનાદિથી છે, પણ આત્મા અને રાગની ભિન્નતાને જ્યારે જાણે ત્યારે જીવને ચૈતન્યના સ્વાદરૂપ અલૌકિક શાંતરસ સહિત લોકોત્તર નવરસ પ્રગટે છે. સ્વાનુભૂતિરૂપ સમયસારના રસમાં ચૈતન્યના બધા રસ સમાય છે; બધા રસ જ્ઞાનમાં ગર્ભિત છે. ઉપયોગ જેમાં એકાગ્ર થાય તેનો રસ લીધો કહેવાય છે. જ્ઞાનમાં ગર્ભિત નવ રસનું અહીં વર્ણન કરે છે.

**( ૧ ) શૃંગારરસ**–ચૈતન્યના સમ્યક્ત્વાદિ ગુણનો વિચાર તે આત્માનો શૃંગારરસ છે. ચૈતન્યની શોભા આવા નિજગુણ વડે જ છે–એમ જ્ઞાનમાં નિજગુણની શોભાનો વિચાર કરવો તે અધ્યાત્મ–શૃંગારરસ છે. દેહના શણગાર વડે કાંઈ આત્માની શોભા નથી.

**( ૨ ) વીરરસ**–ચૈતન્ય તરફ ઝુકાવ કરીને વીતરાગી વીરતાવડે કર્મોને ઝાડી નાંખવા તેમા આત્માનો વીરરસ છે. શરીરના બળમાં કાંઈ આત્માની વીરતા નથી. આત્માની વીરતા તો પુણ્ય–પાપથી પાર એવા ચૈતન્યસ્વરૂપને રચે–અનુભવે તેમાં જ છે; તે જ વીરરસ છે.

**( ૩ ) કરુણારસ**–આત્માનો અનુભવ થતાં એવો વીતરાગભાવ થાય કે સર્વે જીવો પ્રત્યે રાગરહિત સમતાભાવ રહે–તે સાચો કરુણારસ છે. હું જ્ઞાયક ચિદાનંદ છું ને બધા જીવો પણ મારા જેવા ચિદાનંદ છે–એમ દેખતાં સર્વે જીવો પ્રત્યે સમભાવ રહે તે સમતારૂપ કરુણારસ છે. આ વીતરાગી કરૂણા છે. ભગવંતો પણ આવી કરૂણાવાળા છે. આવો વીતરાગી કરૂણાભાવ જીવે કદી પ્રગટ કર્યો નથી. બહારમાં દુઃખી જીવોને દેખીને કરૂણાનો શુભરાગ આવે તે તો લૌકિક કરૂણા છે. સર્વે જીવોને જ્ઞાનમય દેખતાં

જે વીતરાગી સમરસ થાય છે તે પરમાર્થ વીતરાગી કરૂણારસ છે.

**( ૪ ) હાસ્યરસ**–લૌકિકમાં કોઈ વિચિત્ર વસ્તુને દેખીને આનંદનો ઉલ્લાસ ને હાસ્ય આવે તે લૌકિક હાસ્યરસ છે. અને ચૈતન્યના સ્વભાવ પ્રત્યે વીર્યનો અપૂર્વ ઉલ્લાસ આવે, અનુભવની અપૂર્વતાનો આનંદ આવે, એવો જે અનુભવના ઉત્સાહરૂપ રસ છે તે પરમાર્થ હાસ્યરસ છે, તેમાં આત્માનો સાચો આનંદ છે.

**( ૫ ) રૌદ્રરસ**–સ્વાનુભવના બળવડે આત્માની ચૈતન્યદશા એવી ઉગ્ર થાય કે આઠ કર્મોનો ભૂક્કો બોલાવી દે–તેનું નામ રૌદ્રરસ છે. લૌકિકમાં લડાઈ વગેરેમાં તીવ્ર ક્રોધથી દુશ્મનને મારી નાંખે તેવા ભાવને લોકો રૌદ્રરસ કહે છે, તે તો પાપ છે. આ ચૈતન્યનો વીતરાગી રૌદ્રરસ તો એવો છે કે કર્મોને નષ્ટ કરીને, આત્માને પરમ શાંતરસમાં લીન કરે.

**( ૬ ) બીભત્સરસ**–લોકમાં અપવિત્ર ગ્લાની ઉપજાવે તેવા પદાર્થને બીભત્સ કહે છે, તેને જોતાં અણગમો ઉપજે છે, તે બીભત્સરસ કહેવાય છે. અહીં કહે છે કે શરીરની અશુચિતાનો વિચાર કરવો, તે બીભત્સરસ છે. એકલા શરીરના વિચારની વાત નથી, પણ શરીર તો માંસાદિનું ઘર છે એમ તેનું સ્વરૂપ વિચારી, તેનાથી વિરક્ત થઈ, તેનાથી ભિન્ન એવા ચિદાનંદ સ્વરૂપમાં વળવું, તે શરીરને બીભત્સ જાણવાનું ફળ છે. એકલું બીભત્સપણું વિચારીને દ્વેષ કરવા માટે વાત નથી, પણ તેનાથી ભિન્ન એવા પવિત્રધામ આત્મામાં વળીને વીતરાગરસનું વેદન કરવાની વાત છે.

**( ૭ ) ભયાનકરસ**–લોકો તો સિંહ–વાઘ–સર્પ–રાક્ષસ–ચોર વગેરેને જોતાં ભય પામે છે. તેની અહીં વાત નથી. અહીં તો કહે છે કે તારે ભયભીત થવું હોય તો જન્મ–મરણથી ભયભીત થા...ને તેનાથી છૂટવા ચૈતન્યનું શરણ લે. જન્મ–મરણાદિના કે નરકાદિના ભયંકર દુઃખોનું ચિંતન કરીને તેનાથી છૂટવાનો ઉપાય કરવો. તે નરકાદિના દુઃખોની ભયાનકતાનું ચિંતન તે ભયાનકરસ છે. અરે, આવા ભયંકર દુઃખો મેં ભોગવ્યા. હવે તેનાથી છૂટવા ચૈતન્યના શાંતરસનો અનુભવ કરૂં. –એમ ધર્મી આત્માના સ્વભાવમાં વળે છે. તેથી યોગસારમાં કહ્યું છે કે–

ચાર ગતિ દુઃખથી ડરે તો તજ સૌ પરભાવ;
શુદ્ધાતમ ચિંતન કરી શિવસુખનો લે લ્હાવ.

**( ૮ ) અદ્‌ભુતરસ**–આત્માની અનંત શક્તિનું ચિંતન કરવું તે અદ્‌ભુતરસ છે. અહો ! મારા આત્માની અનંત શક્તિનો વૈભવ કોઈ અદ્‌ભુત છે; અદ્‌ભુતથી પણ

અદ્ભુત તેનો મહિમા છે – આમ નિજશક્તિના અદ્ભુત મહિમાના ચિંતનમાં આત્માનો અદ્ભુતરસ છે. બહારમાં કાંઈક નવી ચીજ દેખે ત્યાં લોકોને તેમાં અદ્ભુતતા લાગે છે ને તે આશ્ચર્ય પામે છે.–બાપુ! તારા ચૈતન્યની અદ્ભુતતાને જાણ્યા પછી તને બીજા કોઈની અદ્ભુતતા નહીં લાગે. અરે ચૈતન્યની અદ્ભુતતા તો દેખ! એક પર્યાયમાં રાગ–દ્વેષ વગર અનંત પદાર્થોને એક સાથે જાણી લ્યે–એવી એની તાકાત છે. ત્રણકાળ ત્રણલોકને જાણવા છતાં કેવળીને ક્યાંય આશ્ચર્ય થતું નથી; આશ્ચર્યકારી એવા ચૈતન્યના મહિમામાં એવા લીન છે કે હવે જગત સંબંધી કાંઈ આશ્ચર્ય રહ્યું નથી. આવા આશ્ચર્યકારી ચૈતન્યના અદ્ભુતરસને ચાખ તો ખરો! અરે, આત્માની અનંત શક્તિનું ચિંતન કર.. તેમાં પણ તને અદ્ભુતતા લાગશે. અનંતશક્તિના સ્વાદથી ભરપૂર અદ્ભૂત ચૈતન્યરસ જેણે ચાખ્યો તેને જગતના કોઈ રસમાં આશ્ચર્ય કે અદ્ભુતતા લાગતી નથી. અહો, ચૈતન્યની અનુભૂતિમા જે અદ્ભુત રસ છે તેનું શું કહેવું! એ તો ઇન્દ્રિયાતીત છે.

(૯) **શાંતરસ**–દ્રઢ વૈરાગ્ય પરિણામમાં એકાગ્રતા તે શાંતરસ છે. પરભાવોથી વિરક્ત થઈને ચૈતન્યની સ્વસન્મુખ થતાં સ્વાનુભવમાં જે રસ આવે તે અપૂર્વ શાંતરસ છે. તે શાંતરસમાં બધા ગુણોનો વીતરાગી રસ સમાય છે. આવો શાંતરસ અનુભવમાં આવે તે જ આ સમયસારનું ફળ છે.–

'વચનામૃત વીતરાગનાં પરમશાંતરસ–મૂળ.'

અહો, આત્માનો શાંતરસ! જગતના કોઈ વિષયમાં એવો શાંતરસ નથી. જેમાં રાગ–દ્વેષની આકુળતા નથી; પરથી અત્યંત પરાંગ્મુખ થઈને દ્રઢ વૈરાગ્યપરિણામથી અંતરમાં એકાગ્ર થતાં ચૈતન્યના અચિંત્ય શાંતરસનું વેદન થાય છે.

–આ પ્રમાણે સંસારના રસથી જુદા એવા અધ્યાત્મ નવરસ કહ્યા. જ્યારે હૃદયમાં સમ્યગ્જ્ઞાન થાય છે ત્યારે આ પ્રકારે નવે રસનો વિલાસ તેમાં પ્રકાશે છે. અરે, અનંત ગુણના રસનો અત્યંત મધુર સ્વાદ તેમાં સમાય છે. બધા ગુણોનો સ્વાદ સ્વાનુભવરસમાં સમાય છે. –આ રીતે જ્ઞાનીનું જ્ઞાન નવરસથી ભરપૂર છે, એટલે કે રસવાળું છે–સરસ છે.

प्रगटरूप संसारमे नव रस नाटक होइ।
नवरस गर्भित ज्ञानमें विरला जाने कोई।।

(અનુસંધાન પૃષ્ઠ ૩૪ ઉપર)

# સમ્યક્‌ત્વધારક જીવની દશાનો અદ્‌ભુત મહિમા; તેને આઠ મદના અભાવનું ભાવભીનું વર્ણન

સમ્યગ્દ્રષ્ટિ જીવની પરિણતિ કોઈ અચિંત્ય છે; તેને આઠ ગુણનું પાલન હોય છે; તે આઠ અંગ સંબંધી કથાઓ આપ હાલમાં આત્મધર્મમાં વાંચી જ રહ્યા છો, આવતા અંકે તે કથાઓ પૂરી થતાં, દીવાળીથી તે આઠ અંગનું ભાવભીનું વર્ણન પણ (ગુરુદેવના પ્રવચનમાંથી) આપીશું. તે ઉપરાંત, સમ્યગ્દ્રષ્ટિને પચ્ચીસ દોષ હોતાં નથી; તેમાંથી આઠમદ–કૂળમદ, જાતિમદ, રૂપમદ, વિદ્યામદ, ધન અથવા ૠદ્ધિમદ, બળમદ, તપમદ અને ઐશ્વર્યમદ ધર્મીને હોતાં નથી. તેનું ભાવભીનું વર્ણન અહીં આપવામાં આવે છે. આ વર્ણન છહઢાળાની ત્રીજી ઢાળના પ્રવચનમાંથી લીધું છે.

સમ્યગ્દ્રષ્ટિને પોતાના અચિંત્ય ચૈતન્યવૈભવ પાસે જગતમાં બીજા કોઈની મહત્તા ભાસતી નથી, તેથી તેને ક્યાંય મદ હોતો નથી; એ રીતે તેને આઠમદનો અભાવ હોય છે, તેનું અહીં વર્ણન કરે છે.–

**૧-૨ કૂળમદ તથા જાતિમદ** : પિતાના પક્ષને કૂળ, અને માતાના પક્ષને જાતિ કહેવાય છે; પણ માતા–પિતા એ તો જડ શરીરનો સંબંધ છે, તેની મોટાઈનાં અભિમાન શા? હું તો શરીરથી જુદો ચૈતન્યમૂર્તિ છું; માતા–પિતાને કારણે કાંઈ મારી મોટાઈ નથી. માતા કોઈ મોટા ઘરની હોય કે પિતા કોઈ મોટા રાજા–મહારાજા હોય તેને કારણે ધર્મી પોતાની મોટાઈ માનતા નથી, એટલે તેને જાતિમદ કે કુળમદ હોતો નથી. અરે, અમારી જાતિ તો ચૈતન્યજાતિ છે, દેહની જાતિ અમારી છે જ નહીં, પછી તેનો મદ કેવો? હું જ્ઞાનસ્વરૂપ છું; જ્ઞાનસ્વરૂપ મારા આત્માને કોઈએ ઉપજાવ્યો નથી, પછી મારે જાતિ–કૂળ કેવા? ચૈતન્ય મારી જાતિ, અને જ્ઞાન–દર્શન સ્વભાવ જ મારું કૂળ છે. આ રીતે ધર્મીને પિતા કે પુત્રાદિ કોઈ મહાન હોય તો

તેનું અભિમાન થતું નથી; તેમ જ પિતા વગેરે દરિદ્ર હોય તો તેથી દીનતા પણ થતી નથી. એ બધા સંયોગથી અત્યંત ભિન્ન ચૈતન્યસ્વરૂપે જ પોતાને દેખ્યો છે. અરે, મારા ચૈતન્યની અધિકતાથી બીજું કોણ અધિક છે–કે જેનો હું મદ કરૂં? મારા ચૈતન્યના તેજ પાસે ચક્રવર્તીપદ પણ ઝાંખું લાગે છે, તેમાં મારી મોટાઈ નથી. ચક્રવર્તી પદ તો રાગનું ફળ છે. ક્યાં અનંતગુણમય ચૈતન્યપદ, અને ક્યાં વિકારનું ફળ! જેણે પરમેશ્વરની જાતિરૂપે પોતાને દેખ્યો તેને હવે એવી કઈ ખામી રહી કે બહારમાં દેહની જાતિ વગેરેમાં પોતાપણું માને? ચૈતન્યજાતિ પાસે જડ–દેહની જાતિનાં અભિમાન કેવા? દેહ હું છું જ નહીં, હું તો ચૈતન્ય જ છું–આવા સમ્યક્ ભાનમાં ધર્મીને શરીરાદિ સંબંધી મદ હોતા નથી. મિથ્યાત્વરૂપ દોષ તો ધર્મીને હોય જ નહિ, અને સમ્યક્ત્વના અતિચારરૂપ દોષને પણ તે દૂર કરે છે, તેનો આ ઉપદેશ છે. નિશ્ચય સમ્યગ્દર્શન સાથે આવો ચોક્ખો વ્યવહાર હોય છે. તેમાં સહેજ પણ અતિચાર લાગે તો તે દોષ છે–એમ સમજીને તેનો ત્યાગ કરવો જોઈએ. ધર્મનાં સ્થાન તો વીતરાગી અરિહંતદેવ, નિર્ગ્રંથ મુનિગુરુ અને વીતરાગી શાસ્ત્ર છે, તેમાં ધર્મીજીવ શંકા કરે નહિ અને તેનાથી વિરુદ્ધ હોય તેને કોઈ પ્રકારે આદરે નહીં. પ્રાણ જાય કે ગમે તેટલી પ્રતિકૂળતા આવે તોપણ વીતરાગી દેવ–ગુરુની શ્રદ્ધા છોડે નહિ, એટલે તેને સમ્યક્ત્વમાં શંકાદિક દોષ હોતાં નથી.

સંસારમાં ભ્રમણ કરતો જીવ શુભાશુભ કર્મવશ ઊંચકૂળમાં તેમજ નીચકૂળમાં અનંતવાર અવતરી ચુક્યો છે, એ તો ક્ષણિક સંયોગ છે. શાશ્વત આત્માને આ અવતારનાં અભિમાન શા? અવતાર ધારણ કરવો તે તો શરમ છે. ઊચ્ચકૂળ પામ્યાનું ફળ તો એ છે કે રત્નત્રયનાં ઉત્તમ આચરણવડે આત્માને મોક્ષમાર્ગમાં જોડવો, ને મિથ્યાત્વાદિ પાપનાં અધમ આચરણને છોડવા. બાકી ઉત્તમકૂળમાં અવતરીને પણ જો અભક્ષ્યભક્ષણ વગેરે નિંદ્ય કાર્ય કરે તો તે નરકમાં જ જાય; ઊંચુંકૂળ કાંઈ નરકમાં જતાં રોકે નહીં.–આમ વિચારી ધર્મીજીવ કૂળ કે જાતિના મદને છોડે છે.

* એક વૈરાગી બાળક માતા પાસે દીક્ષાની રજા માંગે છે.
* ત્યારે માતા કહે છે–બેટા! તને દીક્ષાની રજા તો આપું, પણ એક શરતે!
* પુત્ર કહે છે–કહો માતા, કઈ શરત?
* માતા કહે છે–દીક્ષા લીધા પછી એવી આત્મસાધના કર કે ફરીને બીજી માતા ન કરવી પડે; એટલે હું તારી છેલ્લી જ માતા હોઉં! –આ શરતે હું તને દીક્ષાની રજા આપું છું.

∗ પુત્ર કહે છે–ધન્ય માતા ! અપ્રતિહત સાધના કરીને હું કેવળજ્ઞાન પ્રગટ કરીશ, ને ફરીને આ સંસારમાં અવતાર નહીં લઉં; ફરીને બીજી માતા નહીં કરૂં.

જુઓ, સંસારમાં માતાના પેટે અવતાર ધારણ કરવો એ તો કલંક છે; એનાં મદ શા ? ચૈતન્યમૂર્તિ અશરીરી ભગવાનને માતા–પિતાના સંબંધથી ઓળખાવવો પડે તે તો શરમ છે. જેણે અશરીરી ચૈતન્યતત્ત્વ અનુભવમાં લીધું તેને માતા–પિતા સંબંધી મોટાઈનો મદ હોતો નથી. આ રીતે ધર્મીને જાતિમદ તથા કૂળમદનો અભાવ છે.

**૩. રૂપમદ** : શરીરના રૂપનો ગર્વ સમ્યગ્દ્રષ્ટિને હોતો નથી. આત્માનું રૂપ તો જ્ઞાન છે; ધર્મીજીવ શરીરથી ભિન્ન પોતાના જ્ઞાનરૂપને દેખે છે. આ ચામડાના શરીરનું રૂપ તે અમારૂં રૂપ નથી, એ તો ક્ષણમાં નાશ પામી જાય કે સડી જાય તેવું છે, એનો ગર્વ કોણ કરે ? આ રીતે ધર્મીને સુંદરરૂપનો ગર્વ નથી, તેમ જ કોઈ ગુણવાનનું શરીર કુરૂપ – કાળું કૂબડું હોય તો તેના પ્રત્યે તીરસ્કાર પણ નથી. સુંદર રૂપવાળો પણ જો પાપ કરે તો દુર્ગતિમાં જ જાય. માટે શરીરના રૂપથી કાંઈ આત્માની શોભા નથી. સમ્યગ્દર્શન પ્રગટયું છે તે જ આત્માનું સાચું મહાન શ્રેષ્ઠ આભૂષણ છે, તેનાથી આત્મા ત્રણલોકમાં શોભે છે.

શરીરથી પોતાના આત્માને ભિન્ન જાણ્યો છે એટલે શરીર રૂપાળું હોય તો તેના વડે પોતાની અધિકતા ભાસતી નથી, ને શરીર કદરૂપું હોય તો દીનતા પણ થતી નથી. એ રૂપ તો જડનું છે, તે રૂપ મારું છે જ નહીં પછી તેના અભિમાન શા ? મારું તો ચૈતન્ય રૂપ છે, ચૈતન્યના રૂપથી ઊંચું જગતમાં કોઈ નથી. વીતરાગી ચૈતન્યરૂપ વડે મારી શોભા છે. શુભરાગ પણ મારા રૂપથી કદરૂપ છે, ને શરીરનું રૂપ તો પુદ્ગલની રચના છે. આવા ભાનમાં ધર્મીને રૂપનો મદ હોતો નથી.

**૪. વિદ્યામદ અર્થાત્ જ્ઞાનમદ** : કોઈ વિદ્યા આવડે કે શાસ્ત્રનું જાણપણું હોય તેનો ઘમંડ ધર્મીને હોય નહીં. અહા, ક્યાં પરમ અતીન્દ્રિય કેવળજ્ઞાન ? ને ક્યાં આ અલ્પજ્ઞાન ? કેવળજ્ઞાનના અચિંત્ય સામર્થ્ય પાસે તો આ જ્ઞાન અનંતમા ભાગનું છે. ચૈતન્ય વિદ્યાનો આખો દરિયો જેણે દેખ્યો તેને ખાબોચિયા જેવા જાણપણાનો મહિમા કે મદ થતો નથી. આ તો જે જ્ઞાની છે, જેને વિશેષ જ્ઞાનાદિ વિદ્યા ખીલી છે અને છતાં તેનો મદ નથી–તેની વાત છે. જે અજ્ઞાની છે, અને વિશેષ જ્ઞાનાદિ ન હોવા છતાં શાસ્ત્રાદિના થોડાક જાણપણામાં ઘણો મદ કરે છે તેને તો આત્માના અપાર જ્ઞાનસામર્થ્યની ખબર જ નથી, તે તો જરાક જાણપણામાં અટકી જાય છે. બાપુ ! તારા

એવા ઇન્દ્રિયજ્ઞાનની મોક્ષમાર્ગમાં કાંઈ કિંમત નથી. એ ઇન્દ્રિયજ્ઞાન તો ક્ષણિક વિનાશી છે. આત્માની કેવળજ્ઞાન–વિદ્યા પાસે ૧૪ પૂર્વનું જ્ઞાન પણ અનંતમાં ભાગનું છે, તો તારા બાહ્ય ભણતરની શી ગણતરી? ૧૪ પૂર્વમાં તો અગાધજ્ઞાન છે, તે ભાવલિંગી મુનિને જ થાય છે. ધર્મીને શાસ્ત્રભણતર વગેરે હોય પણ તેની તેને મુખ્યતા નથી, તેને તો જ્ઞાનચેતના વડે અંતરમાં પોતાના આત્માને અનુભવવો તેની જ મુખ્યતા છે. ચૈતન્ય સ્વભાવને જ્ઞાનચેતનામાં લીધા વગરનું બધું ભણતર તો થોથાં જેવું છે. ધર્મીને કદાચ બીજું જાણપણું ઓછું હોય પણ અંદર જ્ઞાનચેતના વડે આખા ભગવાન આત્માને જાણી લીધો–તેમાં બધુંય આવી ગયું.

જરાક જાણપણું થાય ત્યાં તો, અમને બધું આવડે છે ને બીજાને નથી આવડતું–એવી ઘમંડબુદ્ધિથી અજ્ઞાની બીજા ધર્માત્માનો પણ અનાદર કરી નાંખે છે. કેવળ જ્ઞાનવિદ્યાનો સ્વામી આત્મા કેવો છે એની એને ખબર નથી એટલે તે ઇન્દ્રિયજ્ઞાનમાં રાચી રહ્યો છે. કેવળજ્ઞાનસ્વભાવને જાણે તો ઇન્દ્રિયજ્ઞાનનું અભિમાન થાય નહીં. ઇન્દ્રિયજ્ઞાન તો પરાધીનજ્ઞાન, તેની હોંશ શી?

અહો, વીતરાગી શ્રુતનું જ્ઞાન તો વીતરાગતાનું કારણ છે, તે માનાદિ કષાયનું કારણ કેમ થાય? માટે જૈનધર્મના આવા દુર્લભ જ્ઞાનને પામીને આત્માને માનાદિ કષાય ભાવોથી છોડાવવો, ને જ્ઞાનના પરમ વિનયપૂર્વક સંસારના અભાવનો ઉદ્યમ કરવો.–એ રીતે જે પોતાના જ્ઞાનને મોક્ષમાર્ગમાં જોડે છે તે ધર્મીને જ્ઞાનમદ કે વિદ્યામદ હોતો નથી.

અરે, મારો ચૈતન્યભગવાન મેં મારામાં દેખ્યો, તેની પૂર્ણ પરમાત્મદશા પાસે બીજા કોનાં અભિમાન કરું? ક્યાં સર્વજ્ઞદશા? ક્યાં મુનિઓની વીતરાગી ચારિત્રદશા? ને ક્યાં મારી અલ્પદશા? સ્વભાવથી પૂરો પરમાત્મા હોવા છતાં જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામું ત્યાં સુધી હું નાનો જ છું;–આમ દ્રષ્ટિમાં પ્રભુતા, ને પર્યાયમાં પામરતા–બંનેનો ધર્મીને વિવેક છે.

**૫. ધનમદ અથવા ઋદ્ધિનો મદ** : અંદરમાં પોતાનો ચૈતન્યવૈભવ જેણે દેખ્યો છે એવા ધર્માત્મા બહારના વૈભવને પોતાનો માનતા જ નથી પછી તેનો મદ કેવો? દરિયા જેવો પૂર્ણાનંદ પોતામાં ઊછળે છે એનું ભાન થયું ત્યાં બીજે બધેથી મદ ઊડી ગયો. માતા–પિતા–ધન–શરીર–પુત્ર–રાજપદ–પ્રધાનપદ એ તો બધા કર્મકૃત છે, એનાં અભિમાન શા? જે રાગ અને પુણ્યથી પોતાના ચૈતન્યમૂર્તિ આત્માને જુદો અનુભવ્યો છે તે રાગનાં ને પુણ્યફળનાં અભિમાન શા? એ તો બધી કર્મસામગ્રી છે, તેમાં કાંઈ

મારો ધર્મ નથી. જેને ધર્મનું ભાન થયું તેને કર્મસામગ્રીમાં અહંપણું કેમ રહે? કર્મસામગ્રી વડે (એટલે કે પુણ્યનાં ફળવડે) જેને પોતાની મોટાઈ ભાસે છે તેણે કર્મથી ભિન્ન પોતાનો ચૈતન્યવૈભવ દીઠો નથી. ધર્મી જાણે છે કે એ વૈભવ અમારો નથી, એ તો ઉપાધિ છે; અમારા આત્માનો વૈભવ તો કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયથી ભરપૂર અક્ષય–અખંડ–અવિનાશી છે. માતા–પિતા મહાન હોય કે બહારમાં પુણ્યવૈભવના ઢગલા હોય તેમાં મને શું?–એ તો બધી કર્મની સામગ્રી, તે અમારી જાત નહીં. અમે તો સિદ્ધભગવંતોની જાતના, અને તીર્થંકરોના કૂળના છીએ. તેમના કેડાયતી છીએ, તેમના માર્ગે ચાલનારા છીએ. સિદ્ધ અને તીર્થંકર ભગવંતો જેવા જ આત્માના વૈભવના અમે સ્વામી છીએ. અમારો આત્મા ચૈતન્યદેવ, તે જ અમારી મહત્તા છે; આ ચૈતન્યદેવ સ્વયં મહિમાવંત, જગતમાં સૌથી મહાન છે; એના સિવાય જગતના કોઈ પદાર્થ વડે અમને અમારી મહત્તા ભાસતીનથી. ચૈતન્યનું ઐશ્વર્ય જેણે દેખ્યું નથી તે કોઈને કોઈ પરના બહાને મીઠાસ લ્યે છે. જેમ લીંબોળીનો ઢગલો ભેગો કરીને એમ માને કે મારે કેટલો બધો વૈભવ!–એ તો બાળક છે, રાજા એમ ન કરે. તેમ બહારમાં પુણ્યનાં ઠાઠ તે તો લીંબોળી જેવા કડવા વિકારનાં ફળ છે, બાળકબુદ્ધિ જેવો અજ્ઞાનિ તેને પોતાનો વૈભવ માને છે; પણ રાજા જેવો સમ્યગ્દૃષ્ટિ–જેણે પોતાના સાચા ચૈતન્યનિધાનને પોતામાં દેખ્યા છે–તે કદી પુણ્યફળવડે પોતાની મહત્તા સમજતો નથી, એને તો તે ધૂળના ઢગલા જેવા પુદ્ગલપિંડ સમજે છે.

ભરત ચક્રવર્તીને છ ખંડનો રાજવૈભવ હતો છતાં તે જાણતા હતા કે અમારા ચૈતન્યના અખંડ વૈભવ સિવાય બીજું કાંઈ એક રજકણ માત્ર પણ અમારું નથી, તેના સ્વામી અમે નથી. અમે છ ખંડના સ્વામી નથી પણ અખંડ આત્માની અનુભૂતિના સ્વામી છીએ. એમ ચૈતન્યની અનુભૂતિમાં તે બહારના વૈભવને અડવા પણ દેતા ન હતા. અતીન્દ્રિય જ્ઞાનવડે આત્મસંપદાના અચિંત્ય વૈભવનું સ્વસંવેદન જેણે કર્યું તેને જડનાં કે વિકારનાં ફળનાં અભિમાન ક્યાંથી રહે? આપ ધર્મીને ધનમદ થતો નથી, તેમજ બીજા કોઈ ધર્માત્મા–ગુણવાન જીવ અશુભકર્મના ઉદયવશ દરિદ્ર હોય તો તેના પ્રત્યે તેને અવજ્ઞા કે તીરસ્કારબુદ્ધિ થતી નથી. અરે, આત્માના ચૈતન્યનિધાન પાસે જગતના વૈભવને તૂચ્છ–સડેલા તરણાં જેવા સમજીને, ક્ષણમાં તેને છોડીને, ચૈતન્યના કેવળજ્ઞાન–નિધાનને સાધવા માટે અનેક મુમુક્ષુ જીવો મુનિ થઈને વનમાં ચાલ્યા ગયા. અજ્ઞાનીઓ એ ધન વગેરે જડસામગ્રી પાસે પોતાના સુખની ભીખ માંગે છે, જ્ઞાની તો તેને છોડીને પોતાના ચૈતન્યસુખને સાધે છે. અજ્ઞાનીને પુણ્યકર્મના ઉદયથી કંઈક ધન વગેરે સામગ્રી મળે ત્યાં તો અભિમાન થઈ જાય કે અમે કેવા મોટા થઈ ગયા?

અરે બાપુ! તારા એ અભિમાનને ઓગાળી નાંખ, ને તારા ચૈતન્યનિધાનને દેખ. આત્માની ચૈતન્યસંપદા પાસે તારી આ જડ વિભૂતિની શું કિંમત છે?

જુઓ તો ખરા, સંતોએ આત્માના વૈભવને કેવો મલાવ્યો છે? એવો વૈભવ અંદરમાં છે જ, તે બતાવ્યો છે. આવા વૈભવવાળા પોતાના આત્માને જ્યાં અનુભવ્યો ત્યાં ધર્મીને બહારના ધન વગેરે વૈભવનો મદ રહેતો નથી.

**૬. બળમદ** : દેહ જ હું નથી, ત્યાં તેના બળનું અભિમાન કેવું? મારો આત્મા અનંત ચૈતન્યબળનો ધારક છે, તેનું ભાન તો થયું છે, તેની આરાધનામાં ધ્યાનવડે એવો એકાગ્ર થાઉં કે ગમે તેવા ઉપસર્ગ–પરિસહ વચ્ચે પણ ચલાયમાન ન થાઉં, આવી વીતરાગી ક્ષમા દશા પ્રગટ કરું તે આત્માનું સાચું બળ છે. શરીરનું બળ કાંઈ આત્માને સાધવામાં કામ નથી આવતું.

જો કે તીર્થંકરોને શરીરનું બળ પણ બીજા કરતાં ઉત્કૃષ્ટ હોય છે, પણ અંદર ચૈતન્યશક્તિના ભાનમાં તે દેહથી પોતાને ભિન્ન જાણે છે. બાહુબલી અને ભરત બંને ભાઈ પરસ્પર લડયા, છતાં તે વખતેય બેમાંથી કોઈને દેહનો મદ નથી, બંનેના અંતરમાં ભેદજ્ઞાનનું કાર્ય ભજી રહ્યું છે. લડવાની ક્રિયા થઈ માટે અંદર દેહ સાથે એકત્વબુદ્ધિ હશે– એમ જરાપણ નથી. સહેજ અભિમાન આવ્યું પણ અંદરની ચૈતન્ય–પરિણતિ તે અભિમાનથી જુદી જ કામ કરી રહી છે; તેને જ્ઞાની જ ઓળખે છે.

ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ ભરતચક્રવર્તી, તેના બળમાં જ્યારે અમુક સૈનિકોએ શંકા કરી, ત્યારે બળ બતાવવાનો વિકલ્પ ઊઠતાં ભરતરાજે પોતાની ટચલી આંગળી વાંકી કરી નાંખી, ને સૈનિકોને કહ્યું કે મારી આ આંગળી વાંકી થઈ ગઈ છે તે ખેંચીને સીધી કરી આપો. સૈનિકો ઘણું મથ્યા પણ આંગળી સીધી કરી ન શક્યા. અંતે એક સાંકળ ટચલી આંગળી સાથે બાંધીને છન્નું કરોડ પાયદળના સૈનિકોએ તે ખેંચી; ચક્રવર્તીએ ટચલી આંગળીનો જરાક આંચકો માર્યો ત્યાં તો બધા સૈનિકો જમીન પર ગબડી પડયા. –આવું તો એના શરીરનું બળ હતું; ને આ પ્રકારનો વિકલ્પ પણ આવ્યો; છતાં તે શરીર અને તે વિકલ્પ બંનેથી પાર એવી અનંત ચૈતન્યશક્તિથી સંપન્ન જ તે પોતાને દેખે છે. આવી ચૈતન્યદ્રષ્ટિમાં એને શરીરનો મદ જરાય નથી.

એવો જ પ્રસંગ નેમિનાથ તીર્થંકર અને શ્રીકૃષ્ણ વચ્ચે બન્યો હતો. યાદવોની રાજસભામાં એકવાર શરીરબળની ચર્ચા ચાલી. નેમકુમાર અને કૃષ્ણ બંને પિતરાઈ ભાઈ હતા. શ્રીકૃષ્ણ મોટા, નેમકુમાર નાના; પણ નાનો તોય સિંહ! નાના તોય

તીર્થંકર! તેઓ પણ સભામાં ગંભીરપણે બેઠા હતા. સભામાં કોઈએ શ્રીકૃષ્ણના બળનાં વખાણ કર્યા, તો કોઈએ નેમકુમારનાં વખાણ કર્યા. કોનું બળ વધે તેની પરીક્ષા કરવાનું નક્કી થયું. ત્યારે નેમકુમાર ટચલી આંગળી લંબાવીને શ્રીકૃષ્ણને કહે છે કે તમારામાં બળ હોય તો આ આંગળી વાંકી કરી આપો! શ્રીકૃષ્ણ તે આંગળીએ ટીંગાઈ ગયા તોપણ આંગળી વાંકી ન કરી ન શક્યા.–આવું અચિંત્ય શરીરબળ, છતાં તે વખતેય આત્માને તેનાથી સર્વથા જુદો જ જાણતા હતા; સમ્યક્ત્વમાં આઠે મદનો અભાવ હતો. અસ્થિરતાનો વિકલ્પ આવ્યો પણ તેમાં સમ્યક્ત્વ સંબંધી કોઈ દોષ ન હતો. આવા સમ્યક્ત્વને ઓળખીને તેની આરાધના કરવાનો ઉપદેશ છે.

ધર્માત્માને કુદરતે પુણ્યના ઠાઠ આવે, પણ તે જાણે છે કે આ પુણ્યના ઠાઠમાં અમે નથી; અમારા ચૈતન્યના ઠાઠ એનાથી જુદા જ છે. અમારું સામર્થ્ય અમારી અંદર સમાય છે, અમારા ચૈતન્યનું બળ કાંઈ દેહમાં નથી. આવા ભાનમાં ધર્મીને શરીરના બળનો મદ નથી. શરીરથી જે ધર્મ માને તેને શરીરનો મદ થયા વિના રહે નહીં.

૭. **તપમદ** : પોતે કોઈ ઉપવાસ સ્વાધ્યાયાદિ તપ કરતો હોય ને બીજા ધર્માત્માને ઉપવાસાદિની વિશેષતા ન હોય ત્યાં ધર્મી જીવ પોતાને અધિક ને બીજાને હલકો માનીને તપમદ કરતો નથી. અહા, ખરા તપસ્વી તો તે શુદ્ધોપયોગી મુનિ ભગવંતો છે કે જેઓ ચૈતન્યના ઉગ્ર પ્રતપન વડે વીતરાગભાવ પ્રગટાવીને કર્મોને ભસ્મ કરી નાંખે છે; હું તો હજી પ્રમાદમાં પડયો છું. શરીરની નિર્બળતાથી કોઈ ઉપવાસાદિ તપ ન કરી શકે પણ જ્ઞાન–ધ્યાયની ઉગ્રતા વડે આત્માની શુદ્ધતા વધારતા હોય તો તે ધન્ય છે. આ પ્રમાણે સમ્યગ્દ્રષ્ટિને તપનો મદ થતો નથી. મદ તે તો કષાય છે, ને તપ તે તો કષાયના નાશને માટે છે.

૮. **ઐશ્વર્યમદ** : એટલે પૂજ્યપણાનો મદ અથવા અધિકારનો મદ, તે ધર્માત્માને હોતો નથી. અમે તો સર્વજ્ઞના પુત્ર છીએ; અમારું પદ તો સર્વજ્ઞપદ છે, બીજા કોઈ અમારાં પદ નથી. કેવળજ્ઞાન વડે જ અમારી મોટાઈ છે, એ સિવાય બહારનાં રાજપદ કે પ્રધાનપદ વડે અમારા આત્માની મોટાઈ નથી.–આમ જાણનાર ધર્મીને બહારની મોટાઈનો મદ હોતો નથી. પુણ્યયોગે બહારની મોટાઈ ને ઠાઠમાઠ હોય પણ તેને કારણે પોતાના આત્માની મોટાઈ ધર્મી માનતા નથી.

'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો? ' એ તો બધા સંસારના ઠાઠ છે, તેમાં કાંઈ આત્માની શોભા નથી. મારો આત્મા પોતે સિદ્ધ પરમેશ્વર છે,–એની પાસે બીજાું ક્યું ઐશ્વર્ય કે મોટાઈ છે કે જેનો હું મદ કરું?

અરે, રાગ અને રાગનાં ફળ એ તો બધા અપદ છે–અપદ છે. લોકો બહારની પદવી માટે ઝાંવા નાંખે છે, પણ ધર્મી જાણે છે કે એ કાંઈ મારા ચૈતન્યનું ફળ નથી, વિકારનું ફળ છે તેની હોંશ શી? ચૈતન્યના પદ પાસે ચક્રવર્તીપદ પણ તદ્દ્ન તૂચ્છ છે. આવું ચૈતન્યપદ જેણે પોતામાં પ્રાપ્ત કર્યું (જાણ્યું ને અનુભવ્યું) તે બીજા ક્યા પદનાં અભિમાન કરે? અહા, ત્રણલોકમાં સૌથી ઊંચું એવું અમારું ચૈતન્યપદ અમે અમારા અંતરમાં દેખ્યું છે, અંતરમાં આનંદની અપૂર્વ વીણા વાગી છે, અતીન્દ્રિય સુખના તરંગથી ચૈતન્યદરિયો ઊછળ્યો છે; આવો આનંદસ્વરૂપ હું પોતે છું. આનંદથી ઊંચું જગતમાં બીજું શું છે? આવી આત્મઅનુભૂતિને લીધે ધર્માત્માને જગતનાં ઐશ્વર્યનો મોહ ઊડી ગયો છે, તેથી તેને ક્યાંય ઐશ્વર્યનો મદ થતો નથી. મોટો અધિકાર હોય, લાખો–કરોડો લોકો પૂજતા હોય, આખા દેશમાં હુકમ ચાલતો હોય,–પણ તેને લીધે આત્માની જરાય મોટાઈ ધર્મી માનતા નથી. મારી મોટાઈ તો મારા સ્વભાવથી જ છે; બીજા મને મોટાઈ શું આપશે? બીજા પાસેથી મોટાઈ લેવી પડે એવો પરાધીન હું નથી. આ રીતે ધર્મીને મોટાઈનો મદ હોતો નથી. તેમજ બીજા જીવો અશુભકર્મના ઉદયથી દરીદ્ર હોય તેની અવજ્ઞા પણ કરતા નથી. બહારનું ઐશ્વર્ય હોવું કે ન હોવું તે તો કર્મકૃત છે, એનું સ્વામીત્વ ધર્મીને નથી. મિથ્યાદ્રષ્ટિ મોટો રાજા હોય ને સમ્યગ્દ્રષ્ટિ તેની નોકરી કરતો હોય–એ તો બધા શુભાશુભ કર્મના ચાળાં છે, તેથી ધર્મી પોતાને દીન નથી માનતો. પોતાના અક્ષય જ્ઞાનાદિ અનંત ઐશ્વર્યને તે પોતામાં દેખે છે. આ રીતે ધર્મીને મદ કે દીનતાનો અભાવ છે.

ધર્માત્માને સમ્યકત્વપૂર્વક આવા આઠ મદનો અભાવ થયો છે. સ્વદ્રવ્ય ને પરદ્રવ્યની અત્યંત ભિન્નતા જેણે જાણી છે તેને પરચીજ વડે પોતાની મોટાઈ ભાસતી નથી. માતા–પિતા–શરીર–રૂપ–ધન વગેરે જે ચીજ મારી છે જ નહિ તેના વડે મારી અધિકતા કેમ હોય? મારી અધિકતા તો મારા સમ્યકત્વાદિ સ્વભાવ વડે છે. સુંદર શરીર ને બહારની મોટાઈ એ તો અનંતવાર મળ્યું, તેમાં જેને પોતાની શોભા લાગે છે તેને ચૈતન્યપદથી શોભતા એવા પોતાના આત્માનું ભાન નથી. દેહ–જાતિ–રૂપ–માતા–પિતા–ધન–વૈભવ–મોટી પદવી એ તો બધા પરદ્રવ્ય છે, તે બધાથી પોતાના આત્માને સર્વથા જુદો અનુભવ્યો પછી ધર્મીને તે પદાર્થો વડે પોતાની મોટાઈ કેમ ભાસે? માટે તેને આઠ મદ હોતા નથી. મોટાઈનો કોઈ વિકલ્પ આવી જાય તો તેને પણ મલિનતા જાણીને તે ભાવ છોડવો ને દોષરહિત શુદ્ધ સમ્યકત્વની આરાધના કરવી–એમ ઉપદેશ છે.

આ રીતે આઠ શંકાદિક દોષ તથા આઠમદ સમ્યગ્દ્રષ્ટિને હોતાં નથી; તે ઉપરાંત છ અનાયતન અને ત્રણ મૂઢતાનું સેવન પણ તેને હોતું નથી. અરિહંત પરમાત્માએ જીવનું જે સ્વરૂપ બતાવ્યું તથા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે વીતરાગમાર્ગ બતાવ્યો, તેનાથી વિરૂદ્ધ કહેનારા ને વિરુદ્ધ માનનારા એવા કુદેવ–કુગુરુ–કુધર્મને ધર્મીજીવ સર્વપ્રકારે છોડે છે, કોઈ પ્રકારે તેની અનુમોદના કરતા નથી, તેમજ એવા કુદેવ–કુગુરુ–કુધર્મને સેવનારા મિથ્યાદ્રષ્ટિજીવોનો સંગ પણ તે છોડે છે, ધર્મબુદ્ધિથી એવા જીવનો સંગ તે કરતા નથી. વળી દેવસંબંધી અનેક મૂઢતા, ગુરુસંબંધી અનેક મૂઢતા તથા ધર્મસંબંધી અનેકમૂઢતા લોકોમાં ચાલે છે, પણ ધર્મી તેને સ્વપ્નેય માને નહીં.

જે ધર્મનું સ્થાન નથી, જેની પાસે ધર્મનો સાચો ઉપદેશ નથી, સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ જેમાં નથી, અનેક પ્રકારે જે વિષય–કષાયના રાગ–દ્વેષના પોષક છે, જેમાં હિંસા–અહિંસાનો પણ વિવેક નથી એવા કુદેવ–કુગુરુ–કુધર્મ તે ધર્મનાં અનાયતન છે, તેના સેવનથી આત્માનું જરાપણ હિત થતું નથી, તેના સેવનથી તો સમ્યકત્વાદિનો ઘાત થાય છે તે આત્માનું અત્યંત બૂરું થાય છે. એવા કુદેવાદિનું સેવન સમ્યગ્દ્રષ્ટિને તો હોય જ નહિ, પણ જૈન નામ ધરાવનાર જિજ્ઞાસુને પણ એવા કુદેવાદિનું સેવન હોય નહીં. વીતરાગ જૈનમાર્ગના દેવ–ગુરુ–ધર્મ, અને તેને સેવનારા સાધર્મી–ધર્માત્મા સિવાય બીજાનું સેવન અહિતનું કારણ જાણીને અત્યંત છોડવા જેવું છે.

સમ્યગ્દ્રષ્ટિ, મહાન અલૌકિક આત્માના અંતર્સ્વભાવનું જેને ભાન થયું છે, તેને નિશ્ચય સમ્યક્ત્વની સાથે વ્યવહાર પણ પચ્ચીસ દોષ રહિત હોય છે. આજીવિકા છૂટી જાય, ધન લૂંટાઈ જાય, દેશ છોડવો પડે કે પ્રાણ જાય તો પણ સમ્યગ્દ્રષ્ટિ જીવ કોઈ પ્રકારે ભયથી–આશાથી–સ્નેહથી કુધર્મનું કે કુદેવાદિનું આરાધન કરે નહીં. વીતરાગી દેવ–ગુરુ–ધર્મનો ભક્ત હિંસકદેવ–દેવલાંને નમે નહીં. અહા, અરિહંતદેવનો ઉપાસક એ તો ચૈતન્યના વીતરાગમાર્ગે ચાલનારો, તે બીજા કુમાર્ગને કેમ આદરે ? તે કુમાર્ગની કે તેના સેવકોની પ્રશંસા કરે નહિ, અનુમોદના કરે નહિ. અમુક કુધર્મ ખૂબ ફેલાયેલો છે માટે સારો છે, તેના ભક્તો સારા છે, તેના શાસ્ત્રો–મંદિરો સારા છે–એવી પ્રશંસા ધર્મી ન કરે. કુધર્મના સેવક કોઈ મોટા મંદિર વગેરે બંધાવે, કરોડો–અબજો રૂપિયા ખર્ચીને યજ્ઞાદિક મોટા ઉત્સવ કરે ત્યાં ધર્મી તેની પ્રશંસા પણ ન કરે કે તમે બહુ સારૂં કર્યું. અરે, વીતરાગમાર્ગથી વિરુદ્ધ એવા કુમાર્ગ, જે જગતના જીવોનું અહિત કરનાર, તેના કાર્યની પ્રશંસા શી ? જેમાં મિથ્યાત્વનું પોષણ તે ક્રિયાને સારી કોણ

કહે? આ રીતે ધર્મી જીવ કુદેવ–કુગુરુ–કુધર્મને પોતે સેવે નહિ, ને બીજા સેવે તેની પ્રશંસાદિક ન કરે; પણ બને તો તેને ઉપદેશ આપીને સાચો માર્ગ બતાવે ને કુમાર્ગથી છોડાવે. ધર્મીગૃહસ્થ રાજાને કે માતા–પિતા વગેરે વડીલને નમે તે તો લોકવ્યવહાર છે, તેની સાથે કાંઈ ધર્મનો સંબંધ નથી; પણ ધર્મના વ્યવહારમાં તે કુદેવ–કુગુરુને કદી નમે નહીં. આ તો જેને સમ્યગ્દર્શનરૂપી મહારત્ન લેવું છે, ધર્મનો સાચો માલ લેવો છે તેને માટે વાત છે; તથા જેણે સમ્યગ્દર્શનરૂપી રત્ન પ્રાપ્ત કર્યું છે તેને તે સાચવવાની વાત છે. સમ્યક્ત્વમાં જરાય અતિચાર ન લાગે, ને શુદ્ધતા થાય–તે માટે પચીસ દોષરહિત અને આઠ ગુણસહિત સમ્યક્ત્વની આરાધના કરવી; તેના વડે જીવનું પરમ હિત થાય છે.

બાપુ! આ તો તારા પોતાના હિતને માટે સાચા–ખોટાનો વિવેક કરવાની વાત છે. સાચું શું ને ખોટું શું એની જેને ખબર જ નથી તે શું લેશે? ને શું છોડશે? પોતાનું હિત તે કઈ રીતે કરશે? પરીક્ષા વડે સાચા–ખોટાને ઓળખીને નિર્ભયપણે સત્યનો સ્વીકાર કરવો જોઈએ, ને અસત્યનું સેવન છોડવું જોઈએ. જગત સાથે મેળ રાખવા કે જગતને સારૂં લગાડવા કાંઈ ધર્મને ન છોડાય. પોતાની શ્રદ્ધા સાચી કરવા માટેની આ વાત છે.

વીતરાગી દેવ–ગુરુ–ધર્મનો આદર ને તેનાથી વિરુદ્ધ કુદેવ–કુગુરુ–કુધર્મનો ત્યાગ, –આટલું તો સમ્યક્ત્વની પાત્રતારૂપ પ્રાથમિક ભૂમિકામાં પણ હોવું જોઈએ. 'ત્યાગ–વૈરાગ્ય ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન' એમ કહ્યું તેમાં કુદેવાદિનો ત્યાગ તો પહેલાં જ સમજી લેવો. બીજા તો અનેક પ્રકારનાં ત્યાગ કર્યા કરે પણ કુદેવ–કુગુરુના સેવનનો ત્યાગ ન કરે તો તેનું જરાય હિત ન થાય. અને રાગને જ્યાં ધર્મ માન્યો ત્યાં વૈરાગ્ય ક્યાં રહ્યો? અરે, દેહથી ભિન્ન મારું અખંડ ચૈતન્યતત્ત્વ શું છે અને તેનો અનુભવ કેવો છે? તેનું સાચું સ્વરૂપ બતાવનારા વીતરાગ સર્વજ્ઞદેવ, રત્નત્રય ગુરુ અને રાગ વગરનો ધર્મ તથા શાસ્ત્રો જેને જે ઓળખે તેને તે ઓળખે તે જીવ તેનાથી વિરુદ્ધ બીજા કોઈને માને નહિ, નમે નહીં, પ્રશંસે નહીં.

એક તરફથી કુન્દકુન્દાચાર્ય જેવા વીતરાગી સંતનો પોતે ભક્ત કહેવડાવે અને બીજી તરફ એમનાથી વિરુદ્ધ કહેનારાનો પણ આદર અને શ્રદ્ધા કરે, તો એને સત્યનો વિવેક ક્યાં રહ્યો? બાપુ! વીતરાગમાર્ગના ને વીતરાગી સંતોના વિરોધી એવા કુગુરુના સેવનમાં તો મિથ્યાત્વની પુષ્ટિ તથા તીવ્રકષાયને લીધે આત્માનું ઘણું બૂરું થાય છે, તેથી તેનો નિષેધ કરીએ છીએ; તેમાં કાંઈ કોઈ વ્યક્તિ પ્રત્યે

દ્વેષબુદ્ધિ નથી પણ જીવોનાં હિતની જ બુદ્ધિ છે; તથા પોતાની શ્રદ્ધા ચોખ્ખી રહે ને તેમાં દોષ ન લાગે તે માટે આ વાત છે. સમ્યમાર્ગથી વિરુદ્ધનો વિકલ્પ ધર્મી કદી આવવા ન દે. મિથ્યાત્વ–સંબંધી દોષોથી બચવા અને સમ્યક્ત્વની શુદ્ધિ જાળવવા નિઃશંકતાદિ આઠઅંગ આદરણીય છે.

આ રીતે સમ્યક્ત્વ સંબંધી ગુણ–દોષને ઓળખીને પોતાના હિતને માટે નિઃશંકતાદિ આઠ ગુણસહિત, થતા શંકાદિક પચ્ચીસ દોષરહિત, શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરો–એમ ઉપદેશ છે.

## * અંતર્તત્ત્વનો અનુભવ *

* વન–જંગલમાં વીતરાગી સંતો ક્ષણે ને પળે પોતાના અંતર્તત્ત્વને નિર્વિકલ્પ થઈને અનુભવે છે. અહા! ધન્ય છે તે અનુભવની પળ! ધર્મી–ગૃહસ્થ પણ ઘરમાં ક્યારેક આવો નિર્વિકલ્પ અનુભવ કરે છે.
* અહા, આવા પોતાના અંતર્તત્ત્વનો નિર્ણય કરે તો અંતરમાં ઊતરીને અનુભવ કરવાનો અવસર આવે. સ્વદ્રવ્ય કેવું છે તેને ઓળખીને તે ઉપાદેય કરવા જેવું છે. ઉપાદેય કઈ રીતે કરવું ?–તેની સન્મુખ થઈને અનુભવ કર્યો એટલે તે ઉપાદેય થયું; અને તેનાથી વિરુદ્ધ બધા વિભાવો હેય થઈ ગયા, તેમનું લક્ષ છૂટી ગયું.
* જે એક સહજ જ્ઞાયકભાવ છે તે પરમતત્ત્વ છે. ને બીજા બધા ભેદ–ભંગરૂપ વ્યવહારભાવો તે અપરમભાવ છે. પરમભાવરૂપ જે શુદ્ધતત્ત્વ તેના અનુભવથી પ્રચુર આનંદસહિત આત્માનો નિજવૈભવ પ્રગટે છે; તે મોક્ષમાર્ગ છે. માટે પરમભાવ જ અનુભવ કરવાયોગ્ય છે.
* મોક્ષમાર્ગના શુદ્ધભાવમાં વ્યવહારના કોઈ ભેદ–ભંગનું આલંબન નથી, એક સહજ પરમતત્ત્વનું જ આલંબન છે; તેના અનુભવથી જ સમ્યગ્દર્શન થાય છે. તેના અનુભવથી જ ચારિત્રદશા અને કેવળજ્ઞાન થાય છે.
* –આવા અભેદ પરમતત્ત્વના અનુભવ પહેલાં ભેદના વિકલ્પો આવે છે; શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય વગેરેના વિચારમાં સાથે વિકલ્પ આવે છે, તે વિકલ્પોનો ખેદ છે, તેની હોંશ નથી, તેના પ્રત્યે ઉત્સુકતા નથી, શુદ્ધ–સ્વભાવ તરફની જ હોંશને ઉત્સુકતા છે. અરે, સીધેસીધા પરમસ્વભાવમાં જ પહોંચી જવાની ભાવના છે, તેના જ અનુભવનું લક્ષ છે, પણ વચ્ચે ભેદ–વિકલ્પો આવી જાય છે તેની ભાવના નથી.

# સમ્યગ્દર્શનના આઠ અંગની કથા

સમકિતસહિત આચાર હી સંસારમેં ઇક સાર હૈ,
જિનને કિયા આચરણ ઉનકો નમન સોસો વાર હૈ;
ઉનકે ગુણોંકે કથનસે ગુણગ્રહણ કરના ચાહિએ,
અરૂ પાપિયોંકા હાલ સુનકે પાપ તજના ચાહિએ.

[ પ્રથમ નિઃશંકઅંગમાં પ્રસિદ્ધ અંજનચોરની કથા, બીજી નિઃકાંક્ષઅંગમાં પ્રસિદ્ધ સતી અનંતમતિની કથા, ત્રીજી નિર્વિચિકિત્સા–અંગમાં પ્રસિદ્ધ ઉદાયન રાજાની કથા, ચોથી અમૂઢ દ્રષ્ટિ–અંગમાં પ્રસિદ્ધ રેવતીરાણીની કથા, પાંચમી ઉપગૂહન અંગમાં પ્રસિદ્ધ જિનભક્ત શેઠની કથા, તથા છઠ્ઠી સ્થિતિકરણ અંગમાં પ્રસિદ્ધ વારિષેણમુનિની કથા આપે વાંચી;
સાતમી કથા આપ અહીં વાંચશો.

* * * * * *

## ( ૭ ) વાત્સલ્ય-અંગમાં પ્રસિદ્ધ વિષ્ણુમુનિની કથા

લાખો વર્ષ પહેલાંની, મુનિસુવ્રત ભગવાનના તીર્થની આ વાત છે. ઉજ્જૈન નગરીમાં ત્યારે શ્રીવર્મા રાજા રાજ્ય કરતા હતા, તેને બલિ વગેરે ચાર મંત્રી હતા, તેઓ નાસ્તિક હતા, તેમને ધર્મની શ્રદ્ધા ન હતી.

એકવાર તે ઉજ્જૈન નગરીમાં સાતસો મુનિઓના સંઘ સહિત અકંપન આચાર્ય પધાર્યા. લાખો નગરજનો આનંદથી મુનિવરોનાં દર્શન કરવા ગયા; રાજાને પણ તેમનાં દર્શન કરવાની ઇચ્છા થઈ, અને મંત્રીઓને પણ સાથે આવવા કહ્યું. જોકે તે બલિ વગેરે મિથ્યાદ્રષ્ટિ મંત્રીઓને તો જૈન મુનિઓ ઉપર શ્રદ્ધા ન હતી, પણ રાજાની શરમથી તેઓ પણ સાથે ચાલ્યા.

રાજાએ મુનિઓને વંદન કર્યું; પણ જ્ઞાન–ધ્યાનમાં મસ્ત મુનિવરો તો મૌન જ

હતા. તે મુનિઓની આવી શાંતિ અને નિસ્પૃહતા દેખીને રાજા તો પ્રભાવિત થયો. પણ મંત્રીઓ દુષ્ટભાવે કહેવા લાગ્યા કે મહારાજ! આ જૈનમુનિઓને કાંઈ જ્ઞાન નથી તેથી તેઓ મૌન રહેવાનો ઢોંગ કરે છે.! –એ પ્રમાણે નિંદા કરતા કરતા તેઓ જતા હતા, ત્યાં રસ્તામાં શ્રુતસાગર નામના મુનિ મળ્યા, તેમનાથી મુનિસંઘની નિંદા સહન ન થઈ તેથી તેમણે મંત્રીઓ સાથે વાદવિવાદ કર્યો; એ રત્નત્રયધારક મુનિરાજે અનેકાંત–સિદ્ધાન્તના ન્યાયો વડે મંત્રીની કુયુક્તિઓનું ખંડન કરીને તેને મૌન કરી દીધા. આમ રાજાની હાજરીમાં હારી જવાથી તેને અપમાન લાગ્યું.

અપમાનથી ક્રોધે ભરાયેલા તે પાપી મંત્રીઓ રાત્રે મુનિઓને મારી નાંખવા ગયા. ધ્યાનમાં ઊભેલા મુનિરાજ ઉપર તલવાર ઉગામીને જ્યાં મારવા જાય છે ત્યાં તો એકાએક તેમના હાથ થંભી જ ગયા...રે! કુદરત આવી હિંસા દેખી શકી નહીં; તલવાર ઉગામેલો હાથ એમને અદ્ધર રહી ગયો, ને તેમના પગ પૃથ્વી સાથે ચોંટી ગયા.

સવારમાં લોકોએ આ દ્રશ્ય જોયું અને રાજાને મંત્રીની દુષ્ટતાની ખબર પડી, એટલે તેમને ગધેડે બેસાડીને નગર બહાર કાઢી મૂક્યા. યુદ્ધકળામાં કુશળ એવા તે બલિ વગેરે મંત્રીઓ રખડતા–રખડતા હસ્તિનાપુર નગરીમાં જઈ પહોંચ્યા અને ત્યાં રાજાના મંત્રી તરીકે રહ્યા.

હસ્તિનાપુરી તે ભગવાન શાંતિનાથ કુંથુનાથ અરનાથ એ ત્રણ તીર્થંકરોની જન્મ–ભૂમિ છે. આ કથા બની તે વખતે હસ્તિનાપુરમાં ચક્રવર્તીના પુત્ર પદ્મરાજા રાજ્ય કરતા હતા, તેમના એક ભાઈ મુનિ થયા હતા–એમનું નામ વિષ્ણુકુમાર. તેઓ આત્માના જ્ઞાન–ધ્યાનમાં મસ્ત રહેતા. તેમને કેટલીયે લબ્ધિઓ પ્રગટી હતી. પણ તેમાં તેમનું લક્ષ ન હતું; તેમનું લક્ષ તો આત્માની કેવળજ્ઞાનલબ્ધિ સાધવા ઉપર હતું.

સિંહરથ નામનો એક રાજા, આ હસ્તિનાપુરના રાજાનો દુશ્મન હતો અને ઘણા વખતથી હેરાન કરતો હતો; પદ્મરાજા તેને જીતી શકતો ન હતો. અંતે બલિમંત્રીએ યુક્તિથી તેને જીતી લીધો. આથી ખુશ થઈને રાજાએ તેને વચન માંગવા કહ્યું, પણ બલિમંત્રીએ કહ્યું કે જ્યારે જરૂર પડશે ત્યારે માંગીશ.

હવે અકંપન વગેરે ૭૦૦ મુનિવરો તો દેશોદેશ વિહાર કરતા કરતા, અને ભવ્ય જીવોને વીતરાગધર્મ સમજાવતાં–સમજાવતાં હસ્તિનાપુરનગરીમાં આવી પહોંચ્યા. તે

અકંપનમુનિવરોને દેખીને બલિમંત્રી ભયથી કંપી ઊઠયો તેને બીક લાગી કે આ મુનિઓને લીધે અમારાં ઉજ્જૈનનાં પાપ જો પ્રગટ થઈ જશે તો અહીંથી પણ રાજા અમને અપમાન કરીને કાઢી મુકશે. ક્રોધથી પોતાના વેરનો બદલો લેવાનું તે મંત્રીઓ વિચારવા લાગ્યા.

છેવટે તે પાપી જીવોએ તે બધા મુનિઓને જીવતા જ બાળી નાંખવાની એક દુષ્ટ યોજના નક્કી કરી. રાજા પાસે વચન માંગવાનું બાકી હતું તે તેમણે માંગ્યું કે મહારાજ! અમારે એક મોટો યજ્ઞ કરવો છે તે માટે અમને સાત દિવસનું રાજ્ય આપો.

પોતાના વચનનું પાલન કરવા રાજાએ તેમને સાત દિવસ માટે રાજ્ય સોંપી દીધું, ને પોતે રાજમહેલમાં જઈને રહ્યો.

બસ! રાજ્ય હાથમાં આવતાં જ તે દુષ્ટ મંત્રીઓએ 'નરબલિયજ્ઞ' કરવાનું જાહેર કર્યું...ને જ્યાં મુનિવરો બિરાજતા હતા તેની ચારેકોર હિંસા માટે પશુઓ તેમજ ગંધાતા હાડકાં માંસ ચામડા તથા લાકડાંના ઢગલેઢગલા કર્યાં, ને તે સળગાવીને મોટો ભડકો કર્યો; મુનિઓની ચારે બાજુ અગ્નિની જ્વાળા પ્રગટી. મુનિવરો પર ઘોર ઉપસર્ગ થયો.

–પણ આ તો મોક્ષના સાધક વીતરાગી મુનિ! અગ્નિના ભડકા વચ્ચે પણ તે મુનિવરો તો શાંતિથી આત્માના વીતરાગી અમૃતરસનું પાન કરતા હતા. બહારમાં ભલે અગ્નિ પ્રગટયો પણ તેમના અંતરમાં તેમણે ક્રોધાગ્નિ જરા પણ પ્રગટ થવા ન દીધો. અગ્નિના ભડકા તો નજીક ને નજીક આવી રહ્યા હતા...લોકોમાં ચારેકોર હાહાકાર થઈ ગયો. હસ્તિનાપુરના જૈનસંઘને અપાર ચિંતા થઈ; મુનિવરોનો ઉપસર્ગ દૂર ન થાય ત્યાં સુધી બધા શ્રાવકોએ પણ અન્ન–પાણીનો ત્યાગ કર્યો.

અરે, મોક્ષને સાધનારા ૭૦૦ મુનિઓ ઉપર આવો ઘોર ઉપસર્ગ દેખીને કુદરત પણ જાણે ધ્રૂજી ઊઠી...આકાશમાં શ્રવણનક્ષત્ર જાણે કંપી રહ્યું હોય! એમ એક ક્ષુલ્લકજીને દેખાયું, ને તેમના મુખમાંથી હાહાકાર નીકળી ગયો. તેમણે આચાર્ય મહારાજને વાત કરી. આચાર્ય મહારાજે નિમિત્તજ્ઞાનથી જાણીને કહ્યું કે અરે! અત્યારે હસ્તિનાપુરમાં ૭૦૦ મુનિઓના સંઘ ઉપર બલિરાજા ઘોર ઉપસર્ગ કરી રહ્યો છે, ને તે મુનિવરોનું જીવન ભયમાં છે.

ક્ષુલ્લકજીએ પૂછયું–પ્રભો! એમને બચાવવાનો કોઈ ઉપાય?

આચાર્યે કહ્યું–હા; વિષ્ણુકુમાર મુનિરાજ તેમનો ઉપસર્ગ દૂર કરી શકે તેમ છે, કેમકે તેમને એવી વિક્રિયાલબ્ધિ પ્રગટી છે કે જેવડું રૂપ કરવું હોય તેવડું કરી શકે પણ તેઓ તો પોતાની આત્મસાધનામાં એવા લીન છે કે–તેમને પોતાની લબ્ધિની પણ ખબર નથી, ને મુનિઓના ઉપસર્ગનીયે ખબર નથી.

આ સાંભળીને આચાર્યની આજ્ઞા લઈને તે ક્ષુલ્લકજી તરત વિષ્ણુમુનિ પાસે ગયા ને તેને બધી વાત કરીને પ્રાર્થના કરી કે હે નાથ! આપ વિક્રિયાલબ્ધિ વડે આ ઉપસર્ગ ને શીઘ્ર દૂર કરો.

એ વાત સાંભળતાંવેંત વિષ્ણુમુનિના અંતરમાં ૭૦૦ મુનિઓ પ્રત્યે પરમ વત્સલ્ય ઊભરાયું. વિક્રિયાલબ્ધિની ખાતરી કરવા તેમણે હાથ લંબાવ્યો તો ઠેઠ માનુષોત્તર પર્વત સુધી આખા મનુષ્યલોકમાં તે લંબાયો. તરત તેઓ હસ્તિનાપુર આવી પહોંચ્યા. અને પોતાનો ભાઈ–કે જે હસ્તિનાપુરનો રાજા હતો–તેને કહ્યું–અરે બંધુ! તારા રાજ્યમાં આ શો અનર્થ?

પદ્મરાજે કહ્યું : પ્રભો! હું લાચાર છું, અત્યારે રાજસત્તા મારા હાથમાં નથી.

એની પાસેથી બધી વાત જાણીને વિષ્ણુમુનિએ ૭૦૦ મુનિનુ રક્ષા ખાતર પોતે થોડીવાર મુનિપણું છોડીને એક ઠીંગણા બ્રાહ્મણ પંડિતનું રૂપ લીધું. અને બલિરાજા પાસે આવીને અત્યંત મધુર સ્વરે ઉત્તમ શ્લોક બોલવા લાગ્યા.

બલિરાજા તો એમનું દિવ્યરૂપ દેખીને અને મધુર વાણી સાંભળીને મુગ્ધ થઈ ગયો; અહો, તમે આવીને મારા યજ્ઞની શોભા વધારી છે! એમ કહીને તેણે તે વિદ્વાનનું સન્માન કર્યું અને જે જોઈએ તે માંગવા કહ્યું.

અહા, અયાચક મુનિ, જગતના નાથ...તે અત્યારે પોતાના ૭૦૦ સાધર્મીઓની રક્ષા ખાતર યાચક બન્યા! આવું છે ધર્મવાત્સલ્ય! મૂર્ખ રાજાને ક્યાં ખબર હતી કે જેને હું યાચના કરવાનું કહું છું તે જ હમણાં મને ધર્મના દાતાર થશે, અને હિંસાના ઘોર પાપમાંથી મારો ઉદ્ધાર કરશે.

તે બ્રાહ્મણવેષધારી વિષ્ણુકુમારે રાજાનું વચન લઈને ત્રણ પગલાં જમીન માંગી. રાજાએ ખુશીથી તે જમીન માપી લેવા કહ્યું. –બસ, થઈ ચૂક્યું!

રાજા ઊંચું જુએ છે ત્યાં તો વિષ્ણુએ વામનને બદલે વિરાટ રૂપ ધારણ કર્યું.

વિષ્ણુનું એ વિરાટસ્વરૂપ દેખીને રાજા તો ચકિત થઈ ગયો. તેને સમજાયું નહીં કે અરે આ શું થઈ રહ્યું છે!

વિરાટસ્વરૂપ વષ્ણુએ એક પગ મનુષ્યલોકના આ છેડે, અને બીજો પગ બીજા છેડે મુકીને બલિરાજાને કહ્યું–બોલ હવે ત્રીજું પગલું ક્યાં મૂકું? ત્રીજું પગલું મુકવાની જગ્યા આપ, નહીંતર તારા માથા પર પગ મુકીને તને પાતાળમાં ઉતારી દઉં છું?

મુનિરાજની આવી વિક્રયા થતાં ચારેકોર ખળભળાટ થઈ ગયો; આખું બ્રહ્માંડ જાણે ધ્રૂજી ઊઠયું! દેવો અને મનુષ્યોએ આવીને વિષ્ણુમુનિરાજની સ્તુતિ કરી અને વિક્રિયા સંકેલી લેવા વિનતિ કરી. બલિરાજા વગેરે ચારે મંત્રીઓ મુનિરાજના પગે પડીને પોતાની ભૂલની માફી માંગવા લાગ્યા : પ્રભો, ક્ષમા કરો! મેં આપને ઓળખ્યા નહીં.

વિષ્ણુમુનિરાજે ક્ષમાપૂર્વક તેમને અહિંસાધર્મનું સ્વરૂપ સમજાવ્યું, તથા જૈન–મુનિઓની વીતરાગી ક્ષમા બતાવીને તેમનો મહિમા સમજાવ્યો, અને આત્માના હિતનો પરમ ઉપદેશ આપ્યો. તે સાંભળીને તેઓનું હૃદય–પરિવર્તન થયું, ને ઘોર પાપની ક્ષમા માંગીને તેમણે આત્માના હિતનો માર્ગ અંગીકાર કર્યો. અહા, વિષ્ણુકુમારની વિક્રિયાલબ્ધિ બલિ વગેરેને ધર્મપ્રાપ્તિનું કારણ બની ગઈ! તે જીવોએ પોતાના પરિણામ ક્ષણમાં પલટી નાંખ્યા. અરે, આવા શાંત–વીતરાગ મુનિઓ ઉપર અમે આવો ઉપસર્ગ કર્યો,–ધિક્કાર છે અમને! આમ પશ્ચાત્તાપપૂર્વક તેમણે જૈનધર્મનો સ્વીકાર કર્યો. આ રીતે વિષ્ણુમુનિભગવાને બલિરાજા વગેરેનો ઉદ્ધાર કર્યો...ને ૭૦૦ મુનિઓની રક્ષા કરી.

ચારેકોર જૈનધર્મના જયજયકાર ગાજી ઊઠયા. તરત જ હિંસક યજ્ઞ બંધ થઈ ગયો; મુનિવરો ઉપરનો ઉપસર્ગ દૂર થયો. હજારો શ્રાવકો પરમ ભક્તિથી ૭૦૦ મુનિવરોની વૈયાવચ્ચ કરવા લાગ્યા; વિષ્ણુકુમારે પોતે ત્યાં જઈને મુનિઓની વૈયાવચ્ચ કરી અને મુનિવરોએ પણ વિષ્ણુકુમારના વાત્સલ્યની પ્રશંસા કરી. અહા! વાત્સલ્યનું એ દ્રશ્ય. અદ્‌ભુત હતું! બલિ વગેરે મંત્રીઓએ પણ મુનિઓ પાસે જઈને ક્ષમા માંગી ને ભક્તિથી સેવા કરી.

ઉપસર્ગ દૂર થયો તેથી મુનિઓ આહાર માટે હસ્તિનાપુરી નગરીમાં પધાર્યા. હજારો શ્રાવકોએ અતિશય ભક્તિપૂર્વક મુનિઓને આહારદાન કર્યું, ત્યાર પછી જ તે શ્રાવકોએ ભોજન કર્યું. જુઓ, શ્રાવકોનો પણ કેવો ધર્મપ્રેમ! ધન્ય તે શ્રાવકો....ને ધન્ય તે સાધુઓ.

જે દિવસે આ બનાવ બન્યો તે દિવસે શ્રાવણ સુદ પૂનમ હતી. વિષ્ણુકુમાર મુનિરાજના મહાન વાત્સલ્યને લીધે ૭૦૦ મુનિઓની તથા ધર્મની રક્ષા થઈ તેથી તે દિવસ 'રક્ષાપર્વ' તરીકે પ્રસિદ્ધ થયો, તે આજે પણ ઉજવાય છે.

મુનિરક્ષાનું પોતાનું કામ પૂરું થયું, એટલે વેષ છોડીને વિષ્ણુકુમારે ફરીથી મુનિદશા ધારણ કરી, અને ધ્યાનવડે પોતાના આત્માને શુદ્ધ રત્નત્રયધર્મ સાથે અભેદ કરીને એવું વાત્સલ્ય કર્યું કે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા.

**[ વિષ્ણુમુનિરાજની આ કથા આપણને એમ શીખવે છે કે ધર્માત્મા સાધર્મીજનોને પોતાના જ સમજીને તેમના પ્રત્યે અત્યંત પ્રીતિરૂપ વાત્સલ્ય રાખવું; તેમના પ્રત્યે આદર-સન્માનપૂર્વક દરેક પ્રકારે મદદ કરવી; તેમના ઉપર કંઈ સંકટ આવી પડે તો પોતાની શક્તિથી તેનું નિવારણ કરવું. આ રીતે ધર્માત્મા પ્રત્યે અત્યંત પ્રીતિસહિત વર્તવું. જેને ધર્મની પ્રીતિ હોય તેને ધર્માત્મા ઉપર પણ પ્રીતિ હોય જ; ધર્માત્મા ઉપરનું સંકટ તે દેખી શકે નહીં. ]**

* * * * *

## ભદ્ર

તારું પરમેશ્વરપણું તારામાં છે એમ સંતો બતાવે છે– તેનો વિશ્વાસથી સ્વીકાર કર. એકવાર શ્રીમદ્‌રાજચંદ્રજીએ કોઈ ભરવાડલોકમાં અનુકરણની જિજ્ઞાસાબુદ્ધિ દેખીને તેઓને કહ્યું કે 'ભાઈઓ! આંખો મીંચી જાઓ, ને અંદર હું પરમેશ્વર છું–એમ વિચાર કરો.' તે ભરવાડ ભદ્ર હતા, તેમણે એ વાતમાં શંકા કે પ્રતિકાર ન કર્યો, પણ વિશ્વાસથી એમ વિચાર્યું કે આ કોઈ મહાત્મા છે ને અમને અમારા હિતની કંઈક અપૂર્વ વાત કહે છે; જગતના જીવો કરતાં આમની ચેષ્ટા કંઈક જુદી લાગે છે. તેમ હે ભદ્ર! અહીં કુંદકુંદસ્વામી જેવા પરમહિતકારી સંતો અને તારું સિદ્ધપણું બતાવે છે, તો તું ઉલ્લાસથી તેની હા પાડ, ને હું સિદ્ધ છું–એમ તારા આત્માને ચિંતનમાં લે.

## નવરસ

[ અનુસંધાન પૃષ્ઠ ૧૬ થી ચાલુ ]

લોકોને જેમાં રસ આવે તે રસમાં એવા એકાગ્ર થઈ જાય છે કે બીજું ભાન ભૂલી જાય છે. લૌકિકરસમાં તો વિષય–કષાયનું પોષણ છે. અહીં કહે છે કે બાપુ! તારા ચૈતન્યનો રસ કોઈ એવો અચિંત્ય છે કે તે રસના સ્વાદમાં એકાકાર થતાં જ જગત આખાનો રસ ઊડી જાય છે. ચૈતન્યના શાંતરસમાં નવે અધ્યાત્મરસ સમાઈ જાય છે. માટે ઉપયોગને તારા ચૈતન્યમાં એકાગ્ર કરીને તેના રસનો સ્વાદ લે. શાંતરસનો પિંડ આત્મા, તેમાં બધા રસ સમાઈ જાય છે. એનો અનુભવ કરતાં ધર્મી કહે છે કે અહો, આત્મા ઉપશમરસમાં તરબોળ છે. પ્રભુની સ્તુતિમાં આવે છે કે 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.'–અહીં કહે છે કે નયનને અંતરમાં વાળીને ચૈતન્યમાં એકાગ્ર થતાં અતીન્દ્રિય શાંતિથી ભરપૂર ઉપશમરસની અપૂર્વધારા ઉલ્લસે છે. શાંતરસના પિંડરૂપે આત્મા પોતે પોતાને અનુભવે છે પછી આત્મા સિવાય જગતના બીજા કોઈ પદાર્થમાં તેને રસ રહેતો નથી, આત્મા સિવાય બીજું તેને નીરસ લાગે છે; આત્માના અનુભવનો રસ એ જ એક સાચો રસ છે, બધા રસ તેમાં આવી જાય છે. હે જીવ! તું અનંત ગુણના સ્વાદથી ભરેલા ચૈતન્યરસનો રસિયો થઈને સ્વસંવેદનથી તેનું આસ્વાદન કર.

( સમયસારનાટક પાનું ૩૦૪ )

## વૈરાગ્ય સમાચાર-

* ઢસાના ભાઈશ્રી નરભેરામ મોરારજી સંઘરાજકા ભાદરવા સુદ ચોથના રોજ ઢસા મુકામે હૃદયરોગના હુમલાથી સ્વર્ગવાસ પામ્યા છે; તેમને ગુરુદેવ પ્રત્યે ભક્તિભાવ હતો.

* કોઠારી દેવસીભાઈ રામજીના ધર્મપત્ની ચંચળબેન શ્રાવણ વદ ત્રીજે સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અનેક વર્ષોથી સોનગઢ રહેતા હતા.

* સુદાસણા નિવાસી ભાઈશ્રી વાડીલાલ ભીખાલાલ મહેતા ( ઉ. વર્ષ ૬૦ ) તા. ૫–૮–૭૧ ના રોજ સુદાસણા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. મુંબઈના જિનમંદિરે શાસ્ત્રવાંચનમાં તેઓ હંમેશા આવતા હતા.

* રાજકોટના અમૃતલાલ રણછોડદાસના ધર્મપત્ની અજવાળીબેન ( ઉ. વર્ષ ૬૯ ) શ્રાવણ વદ ૧૩ ના રોજ મદ્રાસમુકામે સ્વર્ગવાસ પામ્યા.

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મશાંતિ પામો.

# ** ચૈતન્યની ચર્ચાના ચમકાર **

( રાત્રિચર્ચા વગેરેમાંથી મુમુક્ષુને ઉપયોગી દોહન )

* જીવને જ્યારે–જ્યારે ધર્મની શરૂઆત કરવી હોય ત્યારે પોતાના શુદ્ધઆત્મારૂપ સ્વદ્રવ્યના આશ્રયે જ ધર્મની શરૂઆત થાય છે; ધર્મની બીજી કોઈ રીત નથી. તે માટે રાગથી અત્યંત પાર, અને પોતાના જ્ઞાનાદિસ્વભાવથી ભરપૂર આત્માનો પરમ અચિંત્ય મહિમા ઓળખીને વારંવાર તેની સન્મુખ પરિણતિનો ઊંડો અભ્યાસ કરવો જોઈએ.–ગુરુદેવ આ વાત વારંવાર ગંભીર હૃદયે કહે છે. ભાઈ! આવો અવસર મળ્યો છે તો આત્માની દરકાર કરીને આ કામ તું કરી લે.

* સમ્યગ્દર્શન તે સ્વદ્રવ્યમાં અંતર્મુખતાથી જ થાય છે; તેમાં બીજા કોઈની, રાગની, વ્યવહારની અપેક્ષા નથી. આવો શુભરાગ હોય તો સમ્યગ્દર્શન પમાય એમ રાગની અપેક્ષા તેમાં નથી; સમ્યક્ત્વાદિ અંતર્મુખ ભાવ તો બધાય રાગથી નિરપેક્ષ છે.

* રાગની અને જ્ઞાનની અત્યંત ભિન્નતાના અભ્યાસ વગર સાચું જ્ઞાન કે સમ્યગ્દર્શન થાય નહીં. રાગના આલંબન વગર, ઇન્દ્રિયજ્ઞાન વગર, આત્મા પોતે પ્રત્યક્ષજ્ઞાતા થઈને સ્વસંવેદનથી પોતે પોતાને જાણે છે–એવો તેનો અચિંત્યસ્વભાવ છે. અને આ રીતે પ્રત્યક્ષજ્ઞાતા થઈને, અતીન્દ્રિયજ્ઞાન વડે પોતે પોતાને સ્વાનુભૂતિમાં લ્યે ત્યારે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે.

* કુંદકુંદભગવાન જેવા વીતરાગી સંતના સ્વાનુભવની આનંદમય પ્રસાદીરૂપ સમયસાર–પ્રાભૃત છે; તેનો અદ્ભુત–અચિંત્ય–અલૌકિક મહિમા કરતાં ગુરુકહાન વારંવાર ભાવભીના ચિત્તે કહે છે કે અહો, આ સમયસાર તો અશરીરીભાવ બતાવનારું શાસ્ત્ર છે; તેના ભાવો સમજતાં અશરીરી એવું સિદ્ધપદ પમાય છે. કુંદકુંદપ્રભુની તો શી વાત! પણ અમૃતચંદ્ર મહારાજે પણ ટીકામાં આત્માની અનુભૂતિના ગંભીર ઊંડા ભાવો ખોલીને જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે. મોક્ષનો મૂળમાર્ગ આ સંતોએ જગતસમક્ષ પ્રસિદ્ધ કર્યો છે...ચૈતન્યનાં કબાટ ખોલી નાંખ્યા છે.

* ભગવાન ઋષભદેવાદિ તીર્થંકરભગવંતો ગણધરભગવંતો વગેરે પુરાણપુરુષોના પૂર્વ ભવોનું પવિત્ર જીવનચરિત્ર તેમજ તેમની ધર્મઆરાધનાનું અલૌકિક વર્ણન

પુરાણોમાં વાંચતાં આપણને કેવો આનંદ થાય છે? ને કેવો ધર્મોલ્લાસ જાગે છે? વાહ!–તો પછી એમની સાથે જ રહીને એ બધું આપણને નજરે જોવા મળે–તેના મહિમાની શી વાત! અને તે પ્રસંગમાં આપણને કેવો ધર્મોલ્લાસ હોવો જોઈએ! સોનગઢમાં આજે ગુરુપ્રતાપે આપણને તીર્થંકરાદિના પૂર્વભવ નજરે જોવા મળે છે એ કેવા મહા ભાગ્ય છે! (આ સંબંધી મહત્ત્વપૂર્ણ આનંદકારી ઉદ્‌ગારો ગુરુદેવના શ્રીમુખે ભાદરવા સુદ આઠમની રાત્રિચર્ચામાં નીકળ્યા હતા; તે પ્રસંગે મુરબ્બીશ્રી રામજીભાઈએ અને સભાજનોએ ઘણો પ્રમોદ વ્યક્ત કર્યો હતો.)

* ચૈતન્યવસ્તુનું ઘણું માહાત્મ્ય છે; સર્વે સંતોએ ને શાસ્ત્રોએ ચૈતન્યવસ્તુનો પરમ અદ્‌ભુત મહિમા ગાયો છે,–પણ તે વસ્તુ હું જ છું; તે બધોય મહિમા મારામાં જ ભર્યો છે–આમ સ્વસન્મુખ થઈને હે જીવ! તું તારી ચૈતન્યવસ્તુની શ્રદ્ધા કર...તેને અનુભવમાં લે. તું પોતે આવો અનુભવ કરીશ ત્યારે જ તને ધર્મીનું હૃદય અને શાસ્ત્રનું ખરૂં રહસ્ય સમજાશે.

* ભારતમાં હજારો જીવો અત્યારે અધ્યાત્મ તત્ત્વની વાત પ્રેમથી સાંભળી રહ્યા છે. આ સંબંધમાં ઘણીવાર ગુરુદેવ કહે છે કે–ભરતક્ષેત્રના મુમુક્ષુ જીવોનાં મહાન ભાગ્યે અત્યારે આવો પરમસત્યમાર્ગ સ્પષ્ટ પ્રસિદ્ધિમાં આવ્યો છે. અત્યારે એવી લાયકાતવાળા જીવો છે તેથી આવો સ્પષ્ટ દિગંબર જૈનમાર્ગ બહાર આવ્યો છે. અરે, જ્યાં જીવોની લાયકાત હોય ત્યાં તીર્થંકર ભગવાનનું સમવસરણ પણ આકાશમાંથી આવી જાય. જુઓને, ઋષભદેવના જીવની અને મહાવીરપ્રભુના જીવની સમ્યગ્દર્શન પામવાની લાયકાત જાગી ત્યાં ઉપરથી ગગનવિહારી મુનિઓ ત્યાં ઊતર્યા ને એવો ધોધમાર ઉપદેશ આપ્યો, કે ત્યાં ને ત્યાં તે જીવો સમ્યગ્દર્શન પામ્યા. 'સાધર્મીબંધુઓ! આપણે માટે પણ અત્યારે એવો જ સોનેરી અવસર છે...સમ્યકત્વનો અવસર છે.'

* હું જે શ્રદ્ધા કરું છું તે શ્રદ્ધા નવી છે–અપૂર્વ છે. પણ હું જેની શ્રદ્ધા કરું છું તે મારી ચૈતન્યવસ્તુ કાંઈ નવી નથી, આ ચૈતન્યવસ્તુરૂપ હું તો પૂર્વે પણ આવો જ શાશ્વત હતો, ને શાશ્વત રહીશ.

* અતિ આસન્ન ભવ્ય એવા સુદ્રષ્ટિ જીવોને પોતાનો પરમભાવ સફળ થયો છે એટલે કે અનુભવમાં આવ્યો છે...સમ્યકત્વાદિરૂપે પ્રગટ થયો છે...પોતાના પરમ ભાવનું તેને ભાન થયું છે.

* સમયસારના પરમ અચિંત્ય ગંભીર મહિમાનું શું કહીએ! અહો! સમયસારના અભ્યાસથી હૃદયના ફાટક ખૂલી જાય છે; આખો આત્મભગવાન પ્રગટ થાય છે. સમયસારનો અભ્યાસી આખી ચૈતન્યવસ્તુને કબજે કરી લે છે. રાગ વગરનો અનંત ગુણનો સમાજ આત્માના કબાટમાં ભર્યો છે, તે કબાટનાં દ્વાર આ સમયસાર વડે ખૂલી ગયા છે. અહો! સમયસાર તો વીતરાગી સંતોએ અમારા હિતને માટે જ બનાવ્યું છે. **जय समयसार**

* સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મોક્ષનું કારણ છે–એ સત્ય છે, પણ એકલા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન વડે જ મોક્ષ થઈ જતો નથી, સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વક જ્યારે સર્વસંગ–પરિત્યાગી થઈ, મુનિપણું લઈ, મોહરહિત થઈ, શુદ્ધોપયોગી વીતરાગી ચારિત્રદશા પ્રગટ કરે ત્યારે જ મુક્તિ થાય છે. માટે ધર્મીજીવો સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રદશાની ભાવના ભાવે છે. ચારિત્રદશા પહેલાં સમ્યગ્દર્શન તો હોવું જ જોઈએ. જેને સમ્યગ્દર્શન પણ ન હોય તેણે પ્રથમ આત્માની ઓળખાણ કરીને સમ્યગ્દર્શન કરવું જોઈએ.

## ગુરુદેવના ઉપકારમાં અનુમોદના-

ધ્રાંગધ્રાના એડવોકેટ ભાઈ શ્રી કેશવલાલ ડી. શાહ લખે છે કે શ્રાવણમાસના આત્મધર્મમાં પરમ મહિમાવંત ગુરુદેવ પ્રત્યે ભાવભીની લાગણીવશ ૨૮ વર્ષના એકધારા સત્સમાગમને કારણે જે શ્રદ્ધાંજલિ સમર્પણ કરી છે તે યથોચિત, ભવ્ય અને કૃતકૃત્યતા સૂચક છે; તેમાં નમ્ર અને. ગંભીર ઊંડા ભાવ રહેલા છે; અને તેના દ્વારા આત્મધર્મ માસીકના તમામ વાંચકસમુદાયના અંદરના આવા પ્રકારના ભાવોને પણ પ્રત્યક્ષ વાચા આપેલ છે. આપનાથી સંકલન પામતું આત્મધર્મ ખરેખર ‘આત્મા’ જ બતાવે છે. જ્ઞાનકળાનો સંગ્રહ અને અખૂટ ખજાનો પ્રત્યેક અંકમાં સભર હોય છે. પૂ. ગુરુદેવનો આપના ઉપર અને અનેક ભવ્યજીવો ઉપર પ્રત્યક્ષ ઉપકાર છે, અને પરોક્ષપણે પણ આત્મધર્મમાં પ્રસિદ્ધ થતા પ્રત્યેક લેખમાં પરોવાયેલ સુંદર ભાવો દ્વારા ભારતના હજારો મુમુક્ષુ જીવો પર તેમનો ઉપકાર છે.

આત્મધર્મના ચાલુવર્ષમાં સમ્યગ્દર્શનના આઠઅંગ, તે દરેક અંગની દૃષ્ટાંત–કથાં, અને તેમાંથી પ્રાપ્ત થતો ઉત્તમ બોધપાઠ સરસ રીતે રજુ થાય છે, તે ધર્મ સમજનાર દરેક જીવને નીડર બનાવીને રાડર ( દીવાડાંડી ) સમાન માર્ગદર્શક છે.

–વકીલ કે. ડી. શાહ.

# * વિવિધ વર્તમાન *

* સોનગઢનો શ્રાવણ–ભાદરવો એટલે જાણે ધર્મની મોસમ!
* શ્રાવણમાસના શિક્ષણવર્ગમાં ૪૦૦ જેટલા મુમુક્ષુઓએ ભાગ લીધો હતો. સવારથી સાંજ સુધી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ અને ધાર્મિકચર્ચાનું વાતાવરણ રહેતું હતું. ત્યારબાદ દસલક્ષણીપર્વ દરમિયાન પૂજનાદિ કાર્યક્રમો ઉપરાંત પ્રવચનમાં સ્વામી–કાર્તિકેયાનુંપ્રેક્ષામાંથી દશધર્મોનું વાંચન થયું હતું. તે ઉપરાંત સવારે નિયમસાર ઉપર તથા બપોરે નાટક–સમયસાર ઉપર પ્રવચનો થતા હતા.

સોનગઢમાં શ્રી નિર્મળાબેને (બ્ર. મૂળશંકરભાઈ દેસાઈના સુપુત્રીએ) સોળ ઉપવાસ કરેલ, તેના પારણાપ્રસંગે ગુરુદેવનું આહારદાન તેમના ઘરે થયું હતું. તે ઉપરાંત બીજા પણ અનેક ઉપવાસાદિ થયા હતા. અનેક બહેનોનું સુગંધીદશમીવિધાન પૂરું થતાં તેના ઉપલક્ષમાં જિનમંદિરમાં વિવિધ ભેટો આવી હતી.

* આત્મધર્મના આ અંકમાં આપના પ્રશ્નોના જવાબ, નાટક સુનત ફાટક ખુલત હૈ–એ લેખમાળા તથા વાંચકો સાથે વાતચીત વગેરે લેખો સ્થળસંકોચને કારણે આપી શકાયા નથી.
* આત્મધર્મના ચાલુ વર્ષમાં વ્યવસ્થા બાબત કેટલાય વાંચકોની ફરિયાદો આવેલ હતી, તે સંબંધમાં વાંચકોને પડેલી તકલીફ માટે દિલગીર છીએ. અને વ્યવસ્થા જેમ બને તેમ સુધારો થાય તેવો પ્રયાસ ચાલુ છે.
* હાલ આત્મધર્મનું ૨૮ મું વર્ષ ચાલે છે; તે આગામી અંકે પૂરું થશે; ને કારતક માસથી ૨૯ મા વર્ષનો પ્રારંભ થશે. નવાવર્ષનું લવાજમ ચાર રૂપિયા મોકલી આપવાનું ઘણા જિજ્ઞાસુઓએ શરૂ કર્યું છે; આપ પણ આપનું લવાજમ જેમ બને તેમ વેલાસર, દિવાળી પહેલાં જરૂર મોકલી આપશો. બીજા સામાન્ય પત્રોને લવાજમની વસુલાત માટે વી. પી. કરવાની જે મોટી તકલીફ રહે છે તે તકલીફ આપણા આત્મધર્મને નથી, કેમકે આત્મધર્મના સૂજ્ઞ પાઠકોમાંથી મોટા ભાગના પાઠકો પોતાનું લવાજમ સામેથી વેલાસર મોકલી આપે છે,–ને તે 'આત્મધર્મ' નું તથા તેના પાઠકોનું એક ગૌરવ છે. કેટલાક જિજ્ઞાસુઓ વર્ષની અધવચ્ચેથી ગ્રાહક થાય છે તેમને પાછલા અંકો મળી શક્તા નથી, કેમકે અંકો સિલકમાં રહેતા નથી. માટે વેલાસર લવાજમ ભરી દેવા સૂચના છેઃ સરનામું : આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર)

* 'આત્મધર્મ' પ્રત્યે ભારતના હજારો જિજ્ઞાસુઓ અત્યંત આદરભાવપૂર્વક તેનો અભ્યાસ કરે છે, ને તેના દ્વારા પૂ. ગુરુદેવની અપૂર્વ આત્મહિતકારી વાણી મેળવીને પ્રસન્ન થાય છે, તેથી તેઓ દરવર્ષે ભક્તિપૂર્વક સંસ્થાના જ્ઞાનખાતામાં મોટી રકમો આપીને પોતાનો ભક્તિભાવ વ્યક્ત કરેછે. 'આત્મધર્મ' એ સંસ્થાના જ્ઞાનખાતાનું એક મહત્ત્વનું અંગ છે; તેમાં જિજ્ઞાસુ પાઠકોના મહાન સહકારને લીધે આપણે આત્મધર્મ માસિક ચાર રૂપિયાના લવાજમમાં આપી શકીએ છીએ. આ પ્રકારે આત્મધર્મનું ગૌરવ વધારવા માટે વાંચકવર્ગને ધન્યવાદ ઘટે છે. આત્મધર્મનો પ્રચાર હજી પણ ખૂબ વધે એવા પ્રયાસની જરૂર છે.
* દાદર ( મુંબઈ ) થી વાસંતીબેન ભાયાણી લખે છે કે–આત્મધર્મ વાંચતાં ખૂબ આનંદ થાય છે. તેના અંકો જ્ઞાનથી છલોછલ ભરેલા હોય છે. તેમાં ગુરુદેવે બતાવેલો શેદ્ધોપયોગ–ધર્મ ક્યારે પામીએ !–એમ થાય છે. ગુરુદેવે બતાવેલા માર્ગને અનુસરવાનો અને ફરીને જન્મ ન લેવાનો નિર્ણય કરીએ છીએ. સમ્યગ્દર્શનના આઠ અંગની કથાઓ વાંચવી ખુબ જ ગમે છે. રેખા, દીપ્તિ વગેરે નાની બાલિકાઓ પણ તે કથા સાંભળીને તીર્થંકરના સ્વરૂપનો નિર્ણય કરતી હતી. આત્મધર્મ દ્વારા બાળકોમાં ઘેરઘેર ધર્મસંસ્કાર પહોંચી ગયા છે. એક ૩૩૧ માં જૈનધર્મને આબાદ કરવા માટે બચ્ચાંને જ્ઞાન આપવાની વાત આવેલ તે પ્રત્યક્ષ થાય છે. દરેક ગામે પાઠશાળા દ્વારા બાળકોમાં ધાર્મિકજ્ઞાનના સંસ્કાર આપવા જરૂરી છે. ( આ સાથે આફ્રિકાના એક ભાઈનો પત્ર મોકલું છું. )
* ૧૭ વર્ષનો અક યુવાન–જે આફ્રિકામાં ( નૈરોબી ) જ રહે છે ને હમણાં પહેલી જ વાર ભારતમાં ત્રણ માસ માટે આવેલ છે,–જીવનમાં પહેલીવાર ગુરુદેવના દર્શન–વાણીનો લાભ ફક્ત બેત્રણ દિવસ માટે લીધો, એનું નામ જ્યોતિન્દ્ર ધનાની, તેઓ લખે છે કે–"પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનમાં આત્મા સિવાય બીજું કાંઈ ન મળે. જીવની વાત સાંભળીને આપણા પણ દિલમાં આનંદ આવી જાય. પણ એ તો અંદરથી પ્રેમ હોય તો જ આ વાત ગમે, અને આપણને ભૂલી ગયેલા આત્માને શોધવાનો વિચાર થાય. આત્મધર્મમાં એક જગ્યાએ લખ્યું છે કે હે જીવ ! હવે તો તું જાગ ! એના ઉપર અડધો પાનો લખ્યો છે. અનાદિકાળથી તું રખડશ, માટે હવે તો તું તારી બાજુ ધ્યાન કર. પરનું તો તું ગમે તેટલું કરીશ તો એનો ફળ તને આનંદવારો નહીં આવે. પણ જો તું કોણ છો ? એ શોધીને આગળ વધશું તો આપણને ખરૂં સુખ મળશે. બીજા ઉપદેશક લૌકિક, સાંસારિક વાત કહે

છે, પણ જીવને સંસારથી કેમ છૂટવું તે નથી કહેતા. પુણ્ય–પાપ તો તું અનાદિથી કરી રહ્યો છે. પુણ્ય અને પાપ પણ રાગ છે, એનાથી પણ આપણે છૂટીએ તો જ આપણને સાચું સુખ મળશે. પૂ. ગુરુદેવનો જય હો.” –જ્યોતિન્દ્ર ધનાની

* ધનાની તેમના દરેક પત્રમાં આટલી નાની ઉંમરે, અને આવા દૂર દેશમાં રહેતા હોવા છતાં તત્ત્વની આવી વાત લખે છે, તેનું કારણ તેમનું આત્મધર્મનું નિયમિત વાંચન છે. આત્મધર્મ મહિનામાં બે વાર મળે તેમ થાય તો સારૂં! ” –એ પ્રમાણે દાદરના વાસંતીબેને લખ્યું છે.

* * * * *

## * સમતા *

મોક્ષસુખનું મૂળ કોણ છે ?........સમતા.
મુક્તિમાં રત કોણ છે ?........સમતા.
તિમિરહારી ચંદ્રસમાન કોણ છે ?........સમતા.
સંયમી જીવોનો સંમત શું છે ?........સમતા.
દીક્ષાની વહાલી સખી કોણ છે ?........સમતા.
સુખસાગરમાં ભરતી લાવનાર કોણ છે ?........સમતા.
મુનિવરોનું ખાસ આભૂષણ શું છે ?........સમતા.
ત્રણલોકનું આભૂષણ શું છે ?........સમતા.
મુમુક્ષુજીવોની કુળદેવી કોણ છે ?........સમતા.
સદાય જયવંત કોણ છે ?........સમતા.

( જુઓ નિયમસાર શ્લોક ૧૪૦–૧૪૧ )

મદ્રાસ મુમુક્ષુમંડળનો પત્ર છે, ત્યાં મુમુક્ષુમંડળ ઉત્સાહથી ચાલી રહ્યું છે. બીજા પણ અનેક ગામોથી દશલક્ષણપર્વ, શિક્ષણવર્ગ વગેરે સંબંધી ઉલ્લાસપૂર્ણ સમાચાર આવી રહ્યા છે. આત્મધર્મસંબંધી કે બીજા કોઈ પણ પત્રવ્યવહારમાં પોતાનું પૂરું સમનામું લખવું જરૂરી છે.

# "હું પણ મુમુક્ષુમાર્ગે જાઉં છું"

૧. શરીર તો વ્યાધિનું મંદિર છે, આત્મા આનંદનું મંદિર છે.

૨. શરીર કરોડો રોગોનું ઘર છે, આત્મા અનંત ગુણોનું ઘર છે.

૩. શરીર તો ભવની મૂર્તિ છે, આત્મા મોક્ષનું ધામ છે.

૪. શરીરના લક્ષે તો કલેશ છે, આત્માના લક્ષે હિમાલય જેવી શાંતિ છે.

૫. શરીર તો પુદ્ગલનો પિંડ છે, આત્મા બરફના ઢગલા જેવી શાંતિનો પિંડ છે.

૬. શરીર તો પુદ્ગલની કાયા છે, આત્મા જ્ઞાનશરીરી છે.

૭. શરીર અશુચી અને અસ્થિર છે, આત્મા સદા શુદ્ધ, અવિનાશી છે.

૮. શરીર મૃતકકલેવર અચેતન છે, આત્મા સદા ચૈતન્ય–ઉપયોગમય છે.

૯. શરીર કાંઈ સ્વ–પરને નથી જાણતું, આત્મા સ્વ–પરને જાણનાર છે.

૧૦. શરીરના એકેક અંગુલે ૯૬ રોગ છે, આત્માના એકેક પ્રદેશે અનંત સુખ છે.

–આ રીતે કાયા અને આત્માની અત્યંત ભિન્નતાને અનુભવીને, મારા શુદ્ધ ચૈતન્યને ભાવતો–ભાવતો હું મુમુક્ષુમાર્ગે જાઉં છું. શુભ અને અશુભથી રહિત શુદ્ધચૈતન્યની ભાવના મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઔષધ છે.

* * * * *

## ક્ષ... મા... પ... ના...

આત્મધર્મનું લેખન-સંપાદન પૂ. ગુરુદેવની કૃપાદૃષ્ટિમાં, માત્ર સ્વ-પરના આત્માર્થની પુષ્ટિ થાય એ એક જ ધ્યેયપૂર્વક કરવામાં આવે છે; હૃદયમાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિપૂર્વક ને સાધર્મીપ્રેમપૂર્વક તેનું સંકલન કરવામાં આવે છે. તેમ છતાં કોઈ ભૂલચુક થઈ હોય કે કોઈની લાગણી મારાથી દુભાઈ હોય, તો અંતરના ભાવપૂર્વક દેવ-ગુરુ-ધર્મ તથા સાધર્મીજનો પ્રત્યે ક્ષમા માંગું છું.

– બ્ર. હ. જૈન.

# ✻ સોનગઢનું ધાર્મિક વાતાવરણ ✻

પવિત્ર વીતરાગી જૈનધર્મ જ્યાં વર્તતો હોય, અને આત્મઅનુભવી જીવો જ્યાં વિચરતા હોય તે ભૂમિ મહાન ઉજ્વળ અને તીર્થસમાન છે; મોક્ષનો માર્ગ ત્યાં જીવંત છે. અહા, એવા ધામમાં આત્માની મુમુક્ષુતા પુષ્ટ થાય છે, આત્માની સાધના જાગે છે.

આપણું સોનગઢ આવું જ તીર્થધામ છે; ત્યાંકનું વાતાવરણ જૈનધર્મની વીતરાગી સુવાસથી મઘમઘી રહ્યું છે....જીવંત મોક્ષમાર્ગ અને તેને સાધનારા જીવો ત્યાં પ્રત્યક્ષગોચર થાય છે...શ્રીગુરુમુખેથી દરરોજ મોક્ષમાર્ગની અને ચૈતન્યતત્ત્વના પરમ અચિંત્ય મહિમાની વાત સાંભળવા મળે છે. ગુરુદેવ ચૈતન્યના પરમ મહિમાપૂર્વક વારંવાર કહે છે કે–ભગવાન! તારી ચીજ તારામાં પરિપૂર્ણ છે–તે તને બતાવી દીધી... તેને દેખીને તું પ્રસન્ન થા... ખુશી થા... આનંદિત થા. સાવધાન થઈને જ્ઞાયકભાવમય સ્વતત્ત્વને જ પોતાપણે અનુભવમાં લે.

અહા! આવા ચૈતન્યતત્ત્વની પ્રીતિપૂર્વક, બહુમાનથી તેની વાત સાંભળનાર જીવ પણ પોતાના અંતરમાં આત્મપ્રેમના એવા બીજડા વાવે છે કે અલ્પકાળમાં તેમાંથી ધર્મના અંકુરા ફૂટીને મોક્ષનું મંગલ ઝાડ ઊગી નીકળશે.

–આવા અધ્યાત્મતત્ત્વનું શ્રીગુરુમુખે શ્રવણ, સાધર્મી સાથે તેની ચર્ચા, તેની પ્રીતિ અને તેનું મનન આજે હજારો જીવોમાં ઉલ્લાસથી ચાલે છે, તે તો પ્રશંસનીય છે. તદુપરાંત અધ્યામપ્રેમી સાધર્મી પાઠકો પ્રત્યે અહીં એટલું કહેવાનું મન થાય છે કે બંધુઓ! એટલેથી ન અટકશો, અંદરના પરમ ગંભીર તત્ત્વની સ્વાનુભૂતિ સુધી પહોંચજો, ને અતીન્દ્રિય આત્માનો પત્તો મેળવજો. આ જીવનમાં જ આ કાર્ય કરી લેવાનું છે, તેમાં આળસ ન થાય, ને તે અધૂરું ન રહી જાય, એ રીતે જાગૃતિ રાખજો... એક પણ દિવસ એ મહાનકાર્યના પ્રયત્ન વગેરેનો ન વીતે–એવી શ્રીગુરુની નિરંતર પ્રેરણા છે.

–जय जिनेन्द्र

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૨૮૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) ભાદ્રપદ : (૩૩૪)